

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 342
Dt.: 17-10-2025,
Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


# અમારી પહેલી પ્રાથમિકતા દેશવાસીઓનું હિત છે: ટ્રમ્પના દાવાઓ સામે ભારત સરકારનો સ્પષ્ટ જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ભારતે રશિયામાંથી ક્રૂડની ખરીદી અટકાવી દીધી છે. આ દાવા પર કેન્દ્ર સરકારે સ્પષ્ટતા આપી છે કે, અમારી પ્રાથમિકતા દેશવાસીઓનું હિત છે. વિદેશ મંત્રાલયે આજે ફરી એકવાર અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે, ભારત મોટાપાયે ક્રૂડ અને ગેસની આયાત કરે છે. અમારી પ્રાથમિકતા આ ભારે અસ્થિરતા ધરાવતા માર્કેટમાં ભારતીય ગ્રાહકોનું હિત ધ્યાનમાં રાખવાની છે. અમારી આયાત પોલિસી સંપૂર્ણપણે આ ઉદ્દેશ પર આધારિત છે. અમે અન્ય કોઈ પરિબળોથી પ્રભાવિત થઈ નિર્ણય લેતા નથી. કેન્દ્ર સરકારનો આ જવાબ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના વધુ એક દાવાને ખોટો ઠેરવી રહ્યો છે. અગાઉ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન સીઝફાયર દરમિયાન દાવો કર્યો હતો કે, તેમની મધ્યસ્થીથી બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થયું છે. ત્યારે પણ ભારતે અને બાદમાં પાકિસ્તાને સ્પષ્ટતા આપી હતી કે, આ સીઝફાયરમાં કોઈની મધ્યસ્થી સ્વીકારવામાં આવી નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, અમે માર્કેટની સ્થિતિના આધારે જુદા-જુદા દેશો સાથે ડીલ કરીએ છીએ. અમેરિકાની વાત કરીએ તો અમે તેની પાસેથી પણ છેલ્લા થોડા વર્ષથી ક્રૂડની ખરીદી કરી છે. આ ખરીદી છેલ્લા એક દાયકામાં ઝડપથી વધી છે. વર્તમાન વહીવટીતંત્રે પણ ભારતની સાથે ઊર્જા સંબંધોને પ્રોત્સાહન આપવા પ્રાથમિકતા આપી છે. ઉલ્લેખનીય છે કે, પહેલાં પણ જ્યારે અમેરિકા તથા યુરોપિયન દેશો તરફથી રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાના સવાલો ઉઠાવવામાં આવ્યા હતા, ત્યારે ભારતે જવાબ આપ્યો હતો કે, આવા કોઈ પ્રકારના પ્રતિબંધો લાદવામાં આવશે નહીં. ભારતે અનેક વખત કહ્યું છે કે, યુરોપ પણ રશિયા પાસેથી સૌથી વધુ ગેસની ખરીદી કરે છે. તેણે પહેલાં તો પોતાની રશિયા સાથેની ડીલ બંધ કરવી જોઈએ. જો તે એવું નથી કરી શકતું તો તેને ભારત પર સવાલ ઉઠાવવાનો કોઈ અધિકાર નથી.

### જયશંકરે UNમાં તાત્કાલીક સુધારો કરવાની કરી માંગ

## સંયુક્ત રાષ્ટ્ર હજુ ૧૯૪૫માં જીવી રહ્યું છે : જયશંકર

### તેમણે કહ્યું કે, 'યુએન શાંતિ મિશનની સ્થાપના થઈ, ત્યારથી અત્યાર સુધીમાં ભારતે મોટું યોગદાન આપ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બુધવારે નવી દિલ્હીમાં યોજાયેલા સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય યોગદાન આપતા દેશોના સંમેલનમાં ભાગ લીધો હતો. અહીં તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આજનું સંયુક્ત રાષ્ટ્ર હજુ પણ ૧૯૪૫ની પરિસ્થિતિની જેમ કામ કરી રહ્યું છે. વિકાસશીલ દેશોનો અવાજ બુલંદ કરવા પર ભાર મૂકતાં વિદેશ મંત્રીએ કહ્યું કે '૮૦ વર્ષમાં સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોની સંખ્યા ચાર ગણી વધી છે. તેથી તેણે વિકાસશીલ દેશોનો અવાજ બુલંદ કરવો જોઈએ અને તેના પર જ તેમની વિશ્વસનીયતા ટકી છે. જે સંસ્થાઓ ફેરફાર લાવવામાં નિષ્ફળ જાય છે, તેમના પર વિશ્વસનીયતાનું જોખમ વધે છે.



સંયુક્ત રાષ્ટ્રને અસરકારક બનાવવી હોય તો તેને સુધારવી પડશે.' તેમણે કહ્યું કે, 'યુએન શાંતિ મિશનની સ્થાપના થઈ, ત્યારથી અત્યાર સુધીમાં ભારતે મોટું યોગદાન આપ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશનમાં અત્યાર સુધીમાં વિશ્વના ચાર હજારથી વધુ સૈનિકો સામેલ થયા છે, જેમાં ભારતના ૧૮૨ શાંતિ સૈનિકો પણ સામેલ છે. આ શાંતિ સૈનિકો માનવીય મદદ કરવા માટે પોતાના જીવ જોખમમાં નાખે છે. આ સૈનિકોએ સર્વોચ્ચ બલિદાન આપ્યું છે.' વિદેશ મંત્રીએ સંયુક્ત રાષ્ટ્રને સલાહ આપી છે કે, જે દેશોમાં શાંતિ સેના મોકલવામાં આવે છે, જે દેશોના સૈનિકો તે શાંતિ સેનામાં હોય છે, તે દેશો સાથે પણ શાંતિ અભિયાન અંગે ચર્ચા-વિચારણા કરવી જોઈએ.

### સરકારી કર્મચારીઓ માટે મોટા સમાચાર

## પેન્શન અને રિટાયરમેન્ટ પર સરકારની નવી જાહેરાત

### દરેક વિભાગમાં "પેન્શન મિત્ર"ની નિમણૂક કરાશે : કોઈપણ સરકારી કર્મચારીને તેમના અધિકારો માટે રાહ જોવી પડશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓ માટે એક મોટો રાહતનો નિર્ણય લીધો છે. નિવૃત્તિ પછી પેન્શન અને નિવૃત્તિ લાભો મેળવવામાં હવે કોઈ વિલંબ થશે નહીં. આ માટે સરકારે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. આનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ કર્મચારીને પેન્શન અથવા પેન્શન ચુકવણી ઓર્ડર (PPO) માટે મહિનાઓ સુધી રાહ જોવી ન પડે. પેન્શન અને પેન્શનર કલ્યાણ વિભાગ (DoPPW) દ્વારા નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. બધા મંત્રાલયો અને સરકારી વિભાગોને સૂચના આપવામાં આવી છે કે નિવૃત્તિ પહેલાં PPO જારી કરવામાં આવે. સરકારે તમામ વિભાગોને કર્મચારીઓની સર્વિસ બુક ડિજિટાઇઝ કરવાનો આદેશ આપ્યો છે. હવે, દરેક કર્મચારીનો રેકોર્ડ e-HRMS સિસ્ટમ પર ઓનલાઈન હશે, જેનાથી પેન્શન પ્રક્રિયા વધુ પારદર્શક બનશે. હવે દરેક વિભાગમાં "પેન્શન મિત્ર" અથવા "કલ્યાણ અધિકારી" તૈનાત કરવામાં આવશે. આ અધિકારીઓ નિવૃત્ત કર્મચારીઓને ફોર્મ ભરવા, દસ્તાવેજો તૈયાર કરવા અને પેન્શન માટે અરજી કરવામાં મદદ કરશે. કર્મચારીના મૃત્યુની સ્થિતિમાં આ અધિકારીઓ પરિવારને ફેમિલી પેન્શન મેળવવામાં પણ મદદ કરશે. તકેદારી મંજૂરીનો અભાવ હવે પેન્શન જારી કરવામાં અવરોધ રહેશે નહીં. જો કોઈ કર્મચારી તપાસ હેઠળ હોય, તો પણ તેમને વચગાળાનું પેન્શન આપવામાં આવશે. ગ્રેચ્યુઈટી ફક્ત અંતિમ આદેશ જારી ન થાય ત્યાં સુધી જ રોકી રાખવામાં આવશે.સરકારે તમામ મંત્રાલયોને ભવિષ્ય પોર્ટલ સાથે જોડાવાનો આદેશ આપ્યો છે. આ પોર્ટલ વાસ્તવિક સમયમાં પેન્શન કેસોનું નિરીક્ષણ કરશે અને ખાતરી કરશે કે નિવૃત્તિના બે મહિના પહેલા પીપીઓ જારી કરવામાં આવે. વધુમાં, પેન્શન કેસોનું નિરીક્ષણ કરવા માટે એક નિરીક્ષણ દેખરેખ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. દરેક મંત્રાલયમાં એક નોડલ નિરીક્ષણ સમિતિની રચના કરવામાં આવશે અને એક ઉચ્ચ-સ્તરીય નિરીક્ષણ સમિતિ (HLOC) દર બે મહિને પેન્ડિંગ કેસોની સમીક્ષા કરશે.

### રાજસ્થાનમાં વધુ એક ગમખ્વાર અકસ્માત

## ટ્રેલરની ટક્કરે કાર સળગી, ૪ લોકો જીવતા બળી ગયા

### એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર હેઠળ

(સંપૂર્ણ સમાચાર સેવા)બાડમેર

રાજસ્થાનના બાડમેર જિલ્લામાંથી એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ગુરૂવારે (૧૬ ઓક્ટોબર) વહેલી સવારે ટ્રેલર-સ્કૉર્પિયોની આમને-સામને ટક્કર થઈ હતી અને અચાનક જ ગાડી સળગી ઉઠી. આ દુર્ઘટનામાં ચાર લોકો જીવતા સળગી ગયા અને ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું અને એક વ્યકિત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, જે હાલ સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ, ગુડામાલાણીના ડાભડ ગામના પાંચ મિત્રો સ્કોર્પિયોમાં સવાર થઈને સિણધરીથી રાત્રે જમ્યા બાદ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તેમની કારની ટક્કર એક ટ્રેલર સાથે થઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે સ્કોર્પિયોમાં તુરંત આગ લાગી ગઈ હતી. આગની જ્વાળાઓ એટલી વિકરાળ હતી કે કારના દરવાજા જામ થઈ ગયા અને ચાર યુવકો અંદર ફસાયા હતા. દરવાજા ન ખુલવાના કારણે તેઓ કારની અંદર જ જીવતા સળગી ગયા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા. જોકે, ટ્રેલર ચાલકે પોતાનો જીવ જોખમમાં મૂકીને સ્કોર્પિયોના ચાલકને બહાર ખેંચી કાઢ્યો હતો અને તેને બચાવવામાં સફળ રહ્યો હતો. હાલ, ઈજાગ્રસ્ત યુવકને પ્રાથમિક સારવાર બાદ જોધપુર રિફર કરવામાં આવ્યો છે.

ઘટનાની જાણ થતાં જ જિલ્લા કલેક્ટર સુશીલ કુમાર યાદવ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. આ અકસ્માતમાં ચારેય મૃતદેહો એટલી હદે બળી ગયા છે કે તેમની ઓળખ કરવી મુશ્કેલ છે. પોલીસે જણાવ્યું છે કે, મૃતકોની ઓળખ ઢદ્બછ તપાસ દ્વારા જ થઈ શકશે.

### SG તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને આપી જાણકારી

## CJI પર જૂતું ફેંકનારા વકીલ વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે

### આ મામલે ભારતના એટર્ની જનરલે કિશોર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવાની સંમતિ આપી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના ચીફ જસ્ટિસ (CJI) બી.આર. ગવઈ પર જૂતું ફેંકનાર વકીલ રાકેશ કિશોરની મુશ્કેલીઓ હવે વધતી જોવા મળી રહી છે. કારણ કે હવે તેમની વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ મામલે ભારતના એટર્ની જનરલે કિશોર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવાની સંમતિ આપી દીધી છે. સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ખંડપીઠને આ અંગે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, એટર્ની જનરલે વકીલ રાકેશ કિશોર વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવા સંમતિ આપી છે.

સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશન (SCBA)ના અધ્યક્ષ વિકાસ સિંહને લખેલા પત્રમાં એટર્ની જનરલે જણાવ્યું હતું કે, વકીલ રાકેશ કિશોરનું આ કૃત્ય અને કથન માત્ર નિંદનીય નથી, પરંતુ તે સુપ્રીમ કોર્ટની ગરિમા અને અધિકારને ઓછું આંકનારું છે. આ પ્રકારનું આચરણ ન્યાય વિતરણ પ્રણાલીના પાયા પર પ્રહાર સમાન છે.

નોંધનીય છે કે, ૬ ઓક્ટોબર, ૨૦૨૫ના દિવસે સુપ્રીમ કોર્ટની કાર્યવાહી દરમિયાન વકીલ રાકેશ કિશોરે CJI ગવઈ પર જૂતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. ઘટના બાદ CJI ગવઈએ આ હુમલાને ભૂલાયેલું પ્રકરણ ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સોમવારે જે થયું તેનાથી હું અને મારા વિદ્વાન ભાઈઓ ખૂબ આઘાતમાં છીએ. અમારા માટે આ એક ભૂલાયેલું પ્રકરણ છે. હું આવી વસ્તુઓથી પ્રભાવિત નથી થવાનો.

જોકે, કાર્યવાહી દરમિયાન હાજર રહેલા જસ્ટિસ ઉજ્જ્વલ ભુઈયાએ આ ઘટનાની આકરી નિંદા કરી હતી અને કહ્યું હતું કે, આ ઘટના વિશે મારા પોતાના વિચાર છે. તે ભારતના ચીફ જસ્ટિસ છે. આ કોઈ મજાકની વાત નથી.

વર્ષોથી ન્યાયાધીશના રૂપે અમે ઘણાં એવા કામ કર્યા છે, જેને અન્ય લોકો યોગ્ય નથી માનતા પરંતુ, આનાથી અમે જે કર્યું છે તેના વિશે અમારા મંતવ્ય નહીં બદલાય. સૉલિસિટર જનરલ તુષાર મહેતા પણ આ ઘટના દરમિયાન કોર્ટમાં હાજર હતા. તેમણે ઘટનાની નિંદા કરી હતી અને કહ્યું કે, આ એક અક્ષમ્ય ઘટના હતી અને ઘટનાને સમાપ્ત માનવી એ ચીફ જસ્ટિસની મહાનતા અને ઉદારતા દર્શાવે છે. આ ઘટના બાદ CJI ગવઈએ રજિસ્ટ્રીને તે વ્યક્તિ વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી ન કરવા જણાવ્યું હતું. પરંતુ હવે એટર્ની જનરલની સંમતિ બાદ રાકેશ કિશોર વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

### પૂર્વ US રાજદૂતનું નિવેદન

## લોભી ટ્રમ્પે પાકિસ્તાન પાસેથી પૈસા લઈને ભારત સાથેના સંબંધો બગાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

પૂર્વ US રાષ્ટ્રપતિ બરાક ઓબામાના ચીફ ઓફ સ્ટાફ અને જાપાનમાં પૂર્વ US રાજદૂત રહેમ ઈમેન્યુઅલે ડોનાલ્ડ ટ્રમ્પ પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે કહ્યું કે, ટ્રમ્પે ભારત-અમેરિકા સંબંધોને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. ટ્રમ્પને લોભી છે. તેમણે કહ્યું કે, ટ્રમ્પે ઘમંડ અને પાકિસ્તાન પાસેથી મળેલા કેટલાક પૈસા માટે ભારત સાથેના સંબંધો બગાડ્યા છે. ઈમેન્યુઅલે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, "ચીન સામે અમેરિકા માટે ભારત એક મુખ્ય વ્યૂહાત્મક સંતુલન બની શક્યું હોત. તે ઉત્પાદન અને ટેકનોલોજી તેમજ લશ્કરી સહયોગમાં અમેરિકા માટે ફાયદાકારક હોઈ શક્યું હોત, પરંતુ યુએસ રાષ્ટ્રપતિના નિર્ણયોએ ભારત સાથેના સંબંધો બગાડ્યા છે. તેમણે ૪૦ વર્ષની US વ્યૂહાત્મક તૈયારી બગાડી નાખી છે."

ભારત સાથેના સંબંધો બગડવા માટે ઈમેન્યુઅલે ટ્રમ્પને સંપૂર્ણપણે જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે તેને ટ્રમ્પની સૌથી મોટી ભૂલ ગણાવી હતી. તેમણે કહ્યું કે, "બંને દેશોની લોકશાહી સરકારોએ આ ભાગીદારી વિશ્વાસના પાયા પર બનાવી હતી, જે નાશ પામી છે."

છેલ્લા કેટલાક મહિનાઓથી ભારત-અમેરિકા સંબંધો વણસ્યા છે. ઓપરેશન સિંદૂર પછી અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ પાકિસ્તાનની નજીક આવ્યા છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરે પણ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. બીજી તરફ ટ્રમ્પે ભારત સાથેના સંબંધોમાં ખટાશ લાવી છે. તેમણે ભારતને નિશાન બનાવ્યું છે. ૫૦ ટકા ટેરિફ પણ લાદવામાં આવ્યો હતો.

### CBI એ રંગેહાથ ઝડપ્યાં

## પંજાબમાં રોપરના DIG ૫ લાખની લાંચ લેતા ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

કેન્દ્રીય તપાસ એજન્સી CBI (સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન) એ ભ્રષ્ટાચાર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરીને પંજાબ પોલીસના DIG (ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ) લેવલના અધિકારીની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રોપડ રેન્જના DIG હરચરણ સિંહ ભુલ્લરને લાંચ લેવાના એક કેસમાં CBI દ્વારા રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા છે. આ સમાચારની પુષ્ટિ આમ આદમી પાર્ટી (AAP) ના નેતા અને પંજાબના મુખ્યમંત્રીના પૂર્વ મીડિયા સલાહકાર બલતેજ પન્નુએ કરી છે. પન્નુએ જણાવ્યું કે, CBI દ્વારા પંજાબ સરકારને આ ધરપકડ વિશે જાણ કરવામાં આવશે, ત્યારબાદ નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.બલતેજ પન્નુએ વધુમાં સ્પષ્ટતા કરી કે, પંજાબ સરકાર કોઈપણ સ્તરે ભ્રષ્ટાચારને સહન કરશે નહીં. આ ધરપકડ પંજાબમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ ચાલી રહેલા ઝુંબેશનો એક ભાગ હોવાનું માનવામાં આવે છે. CBI દ્વારા હવે આ કેસમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવશે. હાલ આ કેસ અંગે વધુ વિગતોની રાહ જોવામાં આવી રહી છે અને CBI દ્વારા સત્તાવાર નિવેદનની અપેક્ષા છે.

### ૨૦૨૫માં વિઝા ફ્રી પ્રવેશ આપતા દેશોની સંખ્યા ૫૯થી ઘટી ૫૭ થઈ

## વિશ્વના શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં ભારત ૫ સ્થાન ગબડી ૮૫મા ક્રમે

### હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૫ મુજબ અફઘાનિસ્તાન વિશ્વનો સૌથી નબળો પાસપોર્ટ છે, જે ફક્ત ૨૪ સ્થળોએ વિઝા-મુક્ત પ્રવેશ આપે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં ભારતીય પાસપોર્ટ ૨૦૨૫માં પાંચ સ્થાન ગબડી ૮૫મા ક્રમે આવી ગયો છે. ગયા વર્ષે ભારતના પાસપોર્ટથી ૫૯ દેશોમાં વિઝા ળી પ્રવેશ મળતો હતો, હવે આ સંખ્યા ઘટી ૫૭ થઈ ગઈ છે. આ યાદીમાં સિંગાપોર પ્રથમ, જ્યારે સાઉથ કોરિયા અને જાપાન બીજા અને ત્રીજા ક્રમે રહ્યાં છે. પાકિસ્તાનનો પાસપોર્ટ ૧૦૩મા સ્થાને રહ્યો હતો. છેલ્લાં એક દાયકામાં ચીનના પાસપોર્ટના રેન્કિંગમાં ધરખમ સુધારો થયો છે. ૨૦૧૫માં ૯૪માં ક્રમે રહેલો ચીનનો પાસપોર્ટ હવે ૬૪ ક્રમે આવી ગયો છે.હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૫ મુજબ અફઘાનિસ્તાન વિશ્વનો સૌથી નબળો પાસપોર્ટ છે, જે ફક્ત ૨૪ સ્થળોએ વિઝા-મુક્ત પ્રવેશ આપે છે. ૨૬ દેશો સાથે સીરિયા અને ૨૯ દેશો સાથે ઈરાક પણ તળિયાના સ્થાને આવે છે. સ્થિર રાજદ્વારી અને મુસાફરો પ્રત્યેની ખુલ્લી ભાવનાને કારણે જર્મની, ઇટાલી, સ્પેન અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા યુરોપિયન દેશોએ ટોપ ૧૦માં તેમના સ્થાનને જાળવી રાખ્યું છે.છેલ્લાં કેટલાંક વર્ષમાં ભારતીય પાસપોર્ટના રેન્કિંગમાં મોટાપાયે ફેરફાર થયા છે. ૨૦૦૬માં ૭૧મા ક્રમે હતો, જે ૨૦૨૧માં ૯૦મા ક્રમે અને ૨૦૨૪માં ૮૦મા સ્થાને હતો. હાલમાં ભારતીયો ભુતાન, ઈન્ડોનેશિયા, મોરેશિયસ, નેપાળ અને ત્રિનિદાદ-ટોબેગો સહિત ૧૨ દેશોમાં વિઝા-મુક્ત પ્રવેશ મેળવી શકે છે. વધુમાં ભારતીય નાગરિકોને ૨૭ દેશોમાં વિઝા ઓન અરાઈવલની સુવિધા મળે છે. આ દેશોમાં શ્રીલંકા, માલદીવ્સ, જોર્ડન, કતાર, બોલિવિયા, કંબોડિયા, ઈથોપિયા, મેડાગાસ્કર, મંગોલિયા, મોઝામ્બિક, મ્યાનમાર, સમોઆ, તાંઝાનિયા અને તિમોર-લેસ્ટેનો સમાવેશ થાય છે. બાંગ્લાદેશ ૩૮ વિઝા-ળી દેશો સાથે ૧૦૦મા ક્રમે છે, જ્યારે નેપાળ ૩૬ દેશોમાં વિઝા ળી પ્રવેશ સાથે ૧૦૧માં ક્રમે રહ્યો છે.અમેરિકાનો પાસપોર્ટ એક સમયે સૌથી શક્તિશાળી પાસપોર્ટ ગણાતો હતો. જોકે આ વર્ષે તે બે દાયકામાં પહેલી વાર ટોપ ૧૦માંથી બહાર ફેંકાઈને ૧૨મા ક્રમે આવી ગયો છે, જે તેનું અત્યાર સુધીનું સૌથી નબળું રેન્કિંગ છે. પાસપોર્ટમાં ધોવાણ માટે અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિને જવાબદાર હોવાનું માનવામાં આવે છે. અમેરિકન નાગરિક ૧૮૦ દેશમાં વિઝા વગર મુસાફરી કરી શકે છે, જોકે અમેરિકા પોતે માત્ર ૪૬ દેશોના લોકોને આવી સુવિધા આપે છે. આ અસંતુલનને કારણે તેના પાસપોર્ટનું રેન્કિંગ ઘટી રહ્યું છે.


## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ ⇌ શેખપુરા વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09463 | અમદાવાદ - શેખપુરા | 18.10.2025 અને 23.10.2025 | 15:20 કલાક | 04:00 કલાક (ત્રીજો દિવસ) |
| 09464 | શેખપુરા - અમદાવાદ | 20.10.2025 અને 25.10.2025 | 06:30 કલાક | 20:00 કલાક (બીજો દિવસ) |

હોલ્ટ્સ: નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, સંત હિરદારામ નગર, બીના, દમોહ, કટની, મૈહર, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, મિર્ઝાપુર, પં. દીન દયાળ ઉપાધ્યાય, ભાબુઆ રોડ, સાસારામ, દેહરી ઓન સોન, અનુગ્રહ નારાયણ રોડ, ગયા જંક્શન, તિલાયા અને નવાદહ સ્ટેશનો બંને દિશામાં.

રચના: એસી 2-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

મુસાફરો કૃપા કરીને સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09463 માટે બુકિંગ 17.10.2025 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે.
ઉપરોક્ત ટ્રેન સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

તમામ આરક્ષીત ટીકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# તંત્રી લેખ......

## ચિદમ્બરમ્ હવે મૌન તોડે છે

કેન્દ્રમાં ગૃહપ્રધાન અને નાણાપ્રધાન રહી ચૂકેલા પી. ચિદમ્બરમ્ હવે એમના સમયની કોંગ્રેસ સરકારોની ટીકા કરી રહ્યા છે. મુંબઈ ઉપરના આતંકી આક્રમણનો 'જવાબ' આપવા, પાકિસ્તાન ઉપર હુમલો કરીને સજા આપવા ભારતીય સેના તૈયાર હતી પણ (વિદેશી - અમેરિકા?) દબાણના કારણે સરકારે મંજૂરી આપી ન હતી એવું નિવેદન જાહેરમાં કર્યા પછી હવે કહ્યું છે કે પંજાબમાં ઉગ્રવાદીઓ વિરુદ્ધ 'ઑપરેશન બ્લૂ સ્ટાર' માટે સેનાને મંજૂરી આપવાનો નિર્ણય ખોટો હતો! પંજાબમાં સુવર્ણ મંદિરમાં છુપાયેલા જર્નાઈલસિંઘ ભીંડરણવાલે અને એમના કાફલાને બહાર કાઢવા માટે વર્ષ ૧૯૮૪ના જૂન મહિનામાં ઑપરેશન બ્લૂ સ્ટાર થયું. ભારતીય સેનાએ સુવર્ણ મંદિર પરિસરમાં પ્રવેશ કર્યો અને અકાલ તખ્ત ઉપર હુમલો' કરીને ઉગ્રવાદીઓનો ખાતમો બોલાવ્યો હતો. આ પછી દેશ-દુનિયામાં શીખ કોમે ઈન્દિરા ગાંધી સામે વિરોધ પ્રદર્શન કર્યાં હતાં અને આખરે ૩૧ ઑક્ટોબર, ૧૯૮૪ના રોજ વડા પ્રધાનના નિવાસસ્થાને બે શીખ અંગરક્ષકોએ ઈન્દિરા ગાંધીની હત્યા કરી હતી ત્યારે દિલ્હી અને સમગ્ર ઉત્તર ભારતમાં શીખવિરોધી હુલ્લડ - રમખાણ થયાં અને ત્રણ હજારથી વધુ લોકો - મહિલાઓ અને બાળકો સહિત - માર્યાં ગયાં હતાં. ભારતીય રાજકીય ઈતિહાસની આ ઘટના ઉપરથી શીખ પત્રકાર હરિંદર બાવેજાએ લખેલા પુસ્તક ધ્લ્યે વીલ શૂટ યુ, મેડમ' ઉપર પંજાબમાં ખુશવંતસિંઘ સાહિત્ય ઉત્સવમાં ચર્ચાસત્ર યોજવામાં આવ્યું હતું તેમાં બોલતાં ચિદમ્બરમ્ બ્લૂ સ્ટાર ઑપરેશનને મંજૂરી આપવાનો નિર્ણય ખોટો હતો એમ કહ્યું છે. અલબત્ત, આ નિર્ણય માટે માત્ર ઈન્દિરા ગાંધીને દોષ આપી શકાય નહીં એમ કહીને ઉમેર્યું છે કે ભારતીય સેના, પોલીસ, ગુપ્તચર વિભાગો તથા શાસકીય અધિકારીઓ પણ જવાબદાર હતા અને ઈન્દિરાજીનો 'ભોગ' - જીવ લેવાયો. હવે ચિદમ્બરમ્ કહે છે કે અકાલ તખ્ત ઉપર લશ્કરી પગલાંની જરૂર ન હતી. મંદિર પરિસરમાં પ્રવેશ કર્યા વિના ઉગ્રવાદીઓ - 'ઑપરેશન થંડર'ની જેમ ઉગ્રવાદીઓને પકડી શકાયા હોત અને નિર્દોષ હજ્જારો લોકોના જીવ બચી શક્યા હોત. ચિદમ્બરમ્ આટલાં વર્ષો પછી કેમ જાહેરમાં આવ્યા? ગૃહપ્રધાન હતા ત્યારે ઈન્દિરાજીને સમજાવીને વારી શકયા હોત. શક્ય છે, સ્વીકાર્ય છે કે ઈન્દિરાજી પાસે મોઢું ખોલવાની કોઈની હિંમત નહોતી પણ છેલ્લાં ચાળીસ વર્ષમાં એમને મોકો તો મળ્યો હોત. અલબત્ત, હવે આ વિધાનથી તેઓ શીખ સમાજને કોંગ્રેસ વિરોધનો સંદેશ આપી રહ્યા છે? કે પછી ભાજપ સરકાર - વડા પ્રધાન મોદીને આ મુદ્દો આપીને ખુશ કરવા માગે છે? આ વિષય રાજકીય વર્તુળોમાં વિવાદાસ્પદ બન્યો છે પણ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ 'મૌન' છે. ચિદમ્બરમ્ 'ઉચ્ચવર્તુળ'થી બહાર છે તેથી અન્ય કોઈ નેતાઓ માથું મારવા આવતા નથી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં તેજીની આગેકૂચ: સોનાનો વાયદો રૂ.૧,૧૨૯ અને ચાંદીનો વાયદો રૂ.૨,૨૬૪ ઊછળ્યો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૭ની વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૬૫૭૦.૯૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૯૦૭૫.૬૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૧૮૦૨.૦૦ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૫૩૪ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૩૫૬૫૦.૧૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૬૫૭૦.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૯૦૭૫.૬૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૩૦૫૩૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૮૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૧૮૦૨.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૬૦૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૮૩૯૫ અને નીચામાં રૂ.૧૨૭૪૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૭૨૧૦ના આગલા બંધ સામે રૂ.૧૧૨૯ વધી રૂ.૧૨૮૩૩૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૨૬ વધી રૂ.૧૦૩૪૦૪ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૬ વધી રૂ.૧૨૮૯૯ થયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦૭ વધી રૂ.૧૨૭૪૪૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૭૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૮૧૬૪ અને નીચામાં રૂ.૧૨૭૪૬૩ના મથાળે અથડાઈ, રૂ.૧૨૭૧૪૪ના આગલા બંધ સામે રૂ.૭૯૬ વધી રૂ.૧૨૭૯૪૦ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૩૪૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૪૬૬૦ અને નીચામાં રૂ.૧૬૩૦૨૪ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨૨૦૬ના આગલા બંધ સામે રૂ.૨૨૬૪ વધી રૂ.૧૬૪૪૭૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૩૬૦ વધી રૂ.૧૬૬૨૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૩૧૭ વધી રૂ.૧૬૬૨૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૭૩૮.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓક્ટોબર વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૯૯૩.૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ઓક્ટોબર વાયદો ૬૦ પૈસા વધી રૂ.૨૯૦.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૩૦ પૈસા વધી રૂ.૨૬૨.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓક્ટોબર વાયદો ૬૦ પૈસા ઘટી રૂ.૧૭૯.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૭૪૫.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૬૦ અને નીચામાં રૂ.૨૯૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૨ ઘટી રૂ.૨૯૪૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૧૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૧૯૫ અને નીચામાં રૂ.૫૧૩૮ના સ્તરને સ્પર્શી, રૂ.૫૧૪૫ના આગલા બંધ સામે રૂ.૨૭ વધી રૂ.૫૧૭૨ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨૪ વધી રૂ.૫૧૭૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૯ વધી રૂ.૨૬૮.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૫ વધી રૂ.૨૬૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૨૧ના ભાવે ખૂલી, ૧૦ પૈસા વધી રૂ.૯૩૩ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૮ ઘટી રૂ.૨૬૦૧ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૯૫૭૭.૯૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૨૨૨૪.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૧૩૬૬.૨૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૩.૧૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૦.૩૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૭.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૯૦૦.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૩૪.૪૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૬.૦૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૬૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૮૬૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૧૧૦૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૫૯૧૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૨૮૮૮૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૮૭૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૩૧૯૩૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૬૦૧૨૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૭૬૦૧૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૫૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪૯૪૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૦૨૩૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૩૦૪૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૦૫૬૮ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૦૪૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૮૪ પોઈન્ટ વધી ૩૦૫૩૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૨૦ પૈસા વધી રૂ.૨૭.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ વધી રૂ.૯.૦૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૨૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૫.૫ વધી રૂ.૨૮૦૪ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૬૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૬૩.૫ વધી રૂ.૬૫૦૦ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૪ પૈસા વધી રૂ.૧૬.૯ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૩ પૈસા ઘટી રૂ.૨.૦૬ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૯ ઘટી રૂ.૧૭.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ ઘટી રૂ.૧૧.૭૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૮૭ ઘટી રૂ.૧૬૨૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૪ પૈસા વધી રૂ.૧૯.૪૩ થયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯ પૈસા વધી રૂ.૦.૧ના ભાવે બોલાયો હતો.

# સુરત મહાનગરપાલિકાના સર્ટિફાઈડ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું મુંબઈ નેશનલ સ્ટોક એક્સચેન્જ માં બેલ રીંગિંગ કરીને લીસ્ટિંગ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે મુંબઈ નેશનલ સ્ટોક એક્ષ્ચેજ ખાતે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું બેલ રીંગિંગ કરીને મેયર દક્ષેશ માવાણીની ઉપસ્થિતિમાં લીસ્ટિંગ કરાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકાએ જારી કરેલા રૂ.૨૦૦ કરોડના ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ થકી ગ્રીન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે લોકોને ભાગીદાર બનાવ્યા છે. સુરત મહાનગરપાલિકાના ગ્રીન બોન્ડનું ૮ ગણું સબસ્ક્રિપ્શન દર્શાવે છે કે રોકાણકારોએ ગ્રીન બોન્ડમાં રોકાણમાં અસાધારણ ઉત્સાહ બતાવ્યો છે.

સુરત મહાનગરપાલિકાના દીર્ઘદ્રષ્ટિયુક્ત આયોજન સુરતનો વિકાસ વધુ તેજ બનશે.

વર્ષ ૨૦૭૦ સુધીમાં વડાપ્રધાનશ્રીના નેટ ઝીરો કાર્બન ફૂટપ્રિન્ટના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં રાજ્ય સરકારે ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી પર વિશેષ ભાર મૂક્યો હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતે ઈકોલોજી અને ઈકોનોમી વચ્ચે ઉમદા સંતુલન જાળવ્યું છે.

ભારતના ૮૨૦ અધ્યક્ષપદ હેઠળ 'વન અર્થ, વન, ફેમિલી, વન ફ્યુચર' ના સંદેશ સાથે સભ્ય દેશોએ પણ વડાપ્રધાનશ્રીના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રીન ગ્રોથને પ્રાધાન્ય આપ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પ પૂરો કરવા માટે ગુજરાતે 'વિકસિત ગુજરાત @ ૨૦૪૭' ના રોડમેપ સહિત અનેકવિધ વિકાસલક્ષી આયામો શરૂ કર્યા છે. વડાપ્રધાનશ્રી હંમેશા જનભાગીદારીના અગ્રાહી રહ્યા છે. 'સરકારી પદ્ધતિને અસરકારી બનાવવી' એવા ધ્યેય સાથે રાજ્ય અને કેન્દ્ર સરકારના જનહિતલક્ષી પ્રયાસો રહ્યા છે. .

સુરત શહેર અને મહાનગરપાલિકા સ્વચ્છતા અને ગ્રીન મોબિલિટી ક્ષેત્રે દેશભરમાં આદર્શ બન્યા છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ સુરત મનપાના તંત્રવાહકોને અભિનંદન પાઠવ્યા હતા. આ સંદર્ભે તેમણે વધુમાં કહ્યું કે, દેશમાં સૌપ્રથમ વાર ઈન્ટરનેશનલ ગ્રીન સર્ટીફીકેશન સાથે મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ પબ્લિક ઈસ્યુથી બહાર પાડવામાં આવ્યા છે, ત્યારે સુરત મનપાના 'મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ ઈસ્યુ'માં વૈશ્વિક રોકાણકારો થકી આંતરરાષ્ટ્રીય રૂચિ વધી છે. મનપાએ વિકાસના ઉત્તમ આયોજન સાથે જનભાગીદારીને જોડી છે.

ગ્રીન પીપલ્સ ફાયનાન્સિંગ એ ગ્રીન ગ્રોથનું ઉત્તમ ઉદાહરણ બનશે એમ જણાવતા આ પહેલ શહેર માટે ન માત્ર નાણાકીય રીતે ફાયદાકારક સાબિત થશે, પરંતુ પર્યાવરણીય સ્તર પર પણ સકારાત્મક અસર કરશે. સુરત મહાનગરપાલિકાની આ આ યોજના હવે અન્ય શહેરો માટે પણ પ્રેરણાદાયી બનશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

આ અવસરે મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના ૨૦૪૭ ન વિકાસ વિઝનને સાકાર કરવા સસ્ટેનેબલ એનર્જી પ્રેરક ઉદાહરણ બનશે. સુરતએ મીની ભારત છે, સૌએ સુરતના વિકાસના સાથ સહકાર આપ્યો છે. સુરત શહેરને અત્યાર સુધીમાં ૧૪ જેટલા વિવિધ એવોર્ડ મળ્યા છે.સુરતને ગ્રીન એનર્જી સાથે વિશ્વનું બેસ્ટ સિટી બનાવાશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા રૂા. ૨૦૦ કરોડના લીસ્ટેડ, ટેક્ષેબલ, રીડીમેબલ, સીકયોર્ડ નોન કન્વર્ટીબલ મ્યુનિસિપલ બોન્ડ ડીબેન્ચર સ્વરૂપે ઈસ્યુ બહાર પાડવામાં આવ્યા હતા.

આ ગ્રીન બોન્ડ તા.૬/૧૦/૨૦૨૫ ના રોજ ખુલ્યા હતા. અને તા.૯/૧૦/૨૦૨૫ ના રોજ બંધ થાય હતા. આ સમયગાળા દરમિયાન સુરત મહાનગરપાલિકાના ગ્રીન બોન્ડ ૨૦૦ કરોડની ડીમાન્ડ સામે ૮૦૦ કરોડ રૂપિયાનું ભરણું થયું છે. જેથી ડ્રો સીસ્ટમથી બોન્ડની ફાળવણી થશે. રીટેલ સેકટરમાં મહાપાલિકા દ્વારા કુલ બોન્ડના ૧૫ ટકા લેખે ૩૦ કરોડ રૂપિયાના ફાળવવા ઓફર મંગાવવામાં આવી હતી.

સુરત મહાનગર પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે સૌને આવકારતાં જણાવ્યું હતું કે, દેશમાં સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય સર્ટિફાઈડ ગ્રીન બોન્ડ સુરત મહાનગરપલિકા લાવ્યું છે. ગ્રીન બોન્ડના માધ્યમથી એકત્ર થનારી રકમ પર્યાવરણનું જતન કરવા સાથે ગ્રીન એનર્જીને લગતા પ્રોજેકટના રિસોર્સ માટે ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત સોલાર પાવર પ્રોજેકટસ, જળસંચયને લગતા પ્રકલ્પો અને ગ્રીન પરિવહનની દિશામાં સાકાર થનારા પ્રોજકટમાં ગ્રીન બોન્ડ મહત્વના બની રહેશે.

નેશનલ સ્ટોક એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આશિષ ચૌહાણએ ગુજરાત સરકાર અને સુરત મહાનગર પાલિકાને ગ્રીન બોન્ડના લિસ્ટીંગ બદલ અભિનંદન આપ્યા હતા.

આ અવસરે ભારત સરકારના સુજીતસિંહ, અગ્રણી શ્રી એન.કે.મહેતા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી વિક્રાંત પાંડે સહિત સુરત મહાનગર પાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હોટલમાં બોલાવી વીડિયો ઉતારી જિંદગી બગાડી નાખી

# ફેસબુક પર નામ બદલીને યુવકે હિન્દુ યુવતીને ફસાવી

### તેનું શારીરિક શોષણ કર્યા બાદ છાત્રાનો અશ્લીલ વીડિયો અને ફોટો બતાવી ધર્મ પરિવર્તન કરાવાની ધમકી આપતો

(સંપૂર્ણ સમાચાર સેવા)કાનપુર,

યૂપીના કાનપુરમાં ફરી એક વાર મુસ્લિમ સમુદાયના યુવકે નામ બદલીને હિન્દુ ધર્મની છાત્રાને પ્રેમજાળમાં ફસાવી. તેનું શારીરિક શોષણ કર્યા બાદ છાત્રાનો અશ્લીલ વીડિયો અને ફોટો બતાવી ધર્મ પરિવર્તન કરાવવાની ધમકી આપતો. પોલીસે હવે આ યુવકની ધરપકડ કરી લીધી છે. તેના પર ગંભીર ધારાઓ અંતર્ગત કેસ ચલાવવામાં આવશે.

સોશિયલ મીડિયા પર ફેસબુક અકાઉન્ટ દ્વારા કલ્યાણપુરની રહેવાસી ધોરણ ૧૧માં ભણતી છોકરી, બેબી રાજા નામના યુવકના સંપર્કમાં ૨ વર્ષ પહેલા આવી હતી. ધીમે ધીમે તેમની દોસ્તી વધતી ગઈ. સોશિયલ મીડિયા પર ચેટ દ્વારા પ્રેમ થયો. પછી બંને ફરવા લાગ્યા. પણ છોકરાના મગજમાં કંઈક અલગ જ ચાલી રહ્યું હતું. છોકરો ફેસબુક પર બેબી રાજા નામથી અકાઉન્ટ ચલાવતો હતો, જ્યારે તેનું અસલી નામ નિયાઝ અહમદ ખાન હતું.જ્યારે છોકરીને છોકરાની અસલી હકીકત જાણવા મળી તો છોકરીએ નિયાઝ સાથે ઝઘડો કર્યો પણ છોકરાના મનમાં તો કંઈક બીજું જ ચાલતું હતું. છોકરાએ કાવતરું ઘડીને છોકરીને દ્વિવેદી મેંશન હોટલમાં બોલાવી કે કંઈક વાત કરવી છે અને માફી માગવી છે.

આ છોકરી છોકરાની મીઠી વાતોમાં આવી ગઈ અને હોટલમાં મળવા ગઈ. યુવકે વિચાર્યું કે કાવતરા અંતર્ગત છોકરીને નશીલું પીણું પીવડાવ્યું જે બાદ તે બેભાન થઈ ગઈ. યુવકે આ દરમ્યાન તેની સાથે શારીરિક સંબંધ બનાવ્યા અને છાત્રાના અશ્લીલ વીડિયો અને ફોટો લઈ લીધા.

ભાનમાં આવતા છોકરી પોતાના ઘરે જતી રહી અને બીજા દિવસે નિયાઝ અહમદે પોતાના કાવતરાં અંતર્ગત તેનો વીડિયો ફોટો સોશિયલ મીડિયા પર અપલોડ કરી દેવાની ધમકી આપી શારીરિક શોષણ કરવા લાગ્યો. હદ તો ત્યારે થઈ જ્યારે મુસ્લિમ યુવક બાળકી પર બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન કરાવવાનું પ્રેશર નાખવા લાગ્યો. આખરે બાળકીએ કંટાળીને આ વાત પોતાના પરિવારને જણાવી તો રાવતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા પહોંચ્યા. જ્યારે પોલીસે છોકરી પર જ દોષ લગાવતો તેને ભગાડી દીધી. ત્યારે છોકરીએ કંટાળીને પોલીસ કમિશનર સામે હાજર થઈ અને કમિશ્નરે આરોપી યુવક પર કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું.

કાનપુરના જોઈન્ટ પોલીસ કમિશનર આશુતોષ કુમારે જણાવ્યું કે, મહિલા અપરાધ પર તત્પરતા સાથે આરોપી યુવકની ધરપકડ કરી લીધી અને ગંભીર ધારાઓમાં કેસ નોંધી લીધો. જો કે નિયાઝ અહમદે ધરપકડ થાય તે પહેલા ફેસબુક અકાઉન્ટ એડિટ કરીને બેબી રાજા ખાન કરી દીધું હતું.

# પત્નીની ગેસની બીમારીથી કંટાળેલા ડૉક્ટરે એનેસ્થિસિયાનો ઓવરડૉઝ આપી હત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

બેંગલુરુની વિક્ટોરિયા હોસ્પિટલના ૩૨ વર્ષીય જનરલ સર્જન ડૉ. મહેન્દ્ર રેડ્ડીએ પોતાના તબીબી જ્ઞાનનો ઉપયોગ કોઈનો જીવ બચાવવાને બદલે પોતાની પત્નીનો જીવ લેવા માટે કર્યો છે. છ મહિના સુધી તેને કુદરતી મૃત્યુ માનવામાં આવતું હતું, પરંતુ હવે પોલીસે ખુલાસો કર્યો છે કે આ એક આયોજનબદ્ધ હત્યા હતી. ૨૮ વર્ષીય ડર્મેટોલોજિસ્ટ ડૉ. કૃતિકા રેડ્ડીના મોત મામલે તેના પતિ મહેન્દ્રની ૧૪ ઓક્ટોબરે ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા પ્રમાણે મહેન્દ્રએ પોતાની પત્નીને એનેસ્થેસિયાનો ઓવરડૉઝ આપીને તેની હત્યા કરી નાખી હતી. તમને જણાવી દઈએ કે બંનેના લગ્ન ૨૬ મે ૨૦૨૪ ના રોજ થયા હતા. એટલે કે મૃત્યુના માત્ર ૧૧ મહિના પહેલા થયા હતા.

વ્હાઈટફિલ્ડના ડીસીપી એમ. પરશુરામે જણાવ્યું કે, મહેન્દ્રએ પોતાની પત્નીની હત્યાનું કાવતરું ખૂબ જ આયોજનબદ્ધ રીતે ઘડ્યુ હતું. તે તેની તબીબી નબળાઈઓ જાણતો હતો અને તેણે તેનો જ લાભ ઉઠાવ્યો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મહેન્દ્રએ ૨૧ એપ્રિલના રોજ પોતાના ઘરે પત્નીને પેટમાં દુ:ખાવાના બહાનેૈફ ઈન્જેક્શન આપ્યું હતું. બીજા દિવસે તે તેને મરાઠાહલ્લીમાં તેના તેના પિયર એવું કહીને લઈ ગયો હતો કે તને આરામની જરૂર છે.

૨૩ એપ્રિલની રાતે તે પોતાના સાસરે ગયો અને બીજું ઈન્જેક્શન આપ્યું. બીજા દિવસે સવારે ૨૪ એપ્રિલે કૃતિકા બેભાન હાલતમાં મળી આવી. ડૉક્ટર હોવા છતાં મહેન્દ્રએ સીપીઆર આપવાનો પ્રયાસ ન કર્યો અને તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી. શરૂઆતમાં તેને કુદરતી મૃત્યુ ગણાવવામાં આવ્યું હતું, પરંતુ પોસ્ટમોર્ટમ અને FSS રિપોર્ટમાં શરીરમાં એનેસ્થિસિયાના અંશ જોવા મળ્યા. ત્યારબાદ આ કેસ હત્યામાં ફેરવાયો. કૃતિકાના પિતા કે. મુનિ રેડ્ડીની ફરિયાદના આધારે મહેન્દ્ર વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે, અમારી દીકરીને લાગતું હતું કે, તેના લગ્ન સન્માન અને પ્રેમ પર આધારિત છે. પરંતુ તે જ મેડિકલ જ્ઞાનનો ઉપયોગ તેનો જીવ લેવા માટે કરવામાં આવ્યો. તપાસમાં જાણવા મળ્યું કે, લગ્ન બાદ મહેન્દ્રને જાણ થઈ હતી કે, કૃતિકાને લાંબા સમયથી ગેસ્ટ્રિક અને મેટાબોલિક ડિસઓર્ડર છે. પરિવારે તેને પહેલા આ જાણકારી નહોતી આપી. પોલીસને શંકા છે કે, આ જ બાબતે તેની અંદર નારાજગી અને બદલાની ભાવના ઉત્પન્ન કરી જે અંતે હત્યાના અંજામ પર પહોંચી. પત્નીના મોત બાદ પણ મહેન્દ્ર સામાન્ય દેખાવાનો પ્રયાસ કરતો હતો. તેણે પોલીસને કહ્યું કે તેની પત્નીનું મૃત્યુ સ્વાભાવિક હતું. જોકે, FSL રિપોર્ટ પછી પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૩ (હત્યા) હેઠળ તેની ધરપકડ કરી લીધી છે. બેંગલુરુ પોલીસ કમિશનર સીમાંત કુમાર સિંહે કહ્યું કે, પોલીસ ટીમે એ હત્યાનો પર્દાફાશ કર્યો છે જેને એક મેડિકલ દુર્ઘટના તરીકે રજૂ કરવામાં આવી હતી.

# વડોદરા કોર્પોરેશને પગાર અને પેન્શન પેટે ૬૫ કરોડનું પેમેન્ટ કરી દીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને તેના તમામ કર્મચારીઓ અને પેન્શનરોને પેન્શન તથા પગાર પેટે ૬૫ કરોડ રૂપિયાનું પેમેન્ટ કરી દીધું છે.

વર્ગ ચારના કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે ૩૦ દિવસ લેખે બોનસનું ચુકવણું બે દિવસમાં કરી દેવામાં આવશે. બોનસ પેટે કોર્પોરેશન અંદાજે ત્રણ કરોડનું ચુકવણું કરશે. સામાન્ય રીતે કોર્પોરેશન દર મહિનાના આખરમાં પગારનું પેમેન્ટ કરતું હોય છે, પરંતુ દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને આ વખતે દશપંદર દિવસ વહેલા પેમેન્ટ કરી દીધું છે.

કોર્પોરેશનના કર્મચારીઓ અને પેન્શનરો મળીને આશરે ૧૫ હજારની સંખ્યા થાય છે.રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓના ડીએમાં ૩% નો વધારો કર્યો છે. વડોદરા કોર્પોરેશનના કર્મચારીઓને પણ આનો લાભ મળવાનો હોવાથી ડીએનએ વધારાના ડીફરન્સનું ચુકવણું આ મહિનાના અંત સુધીમાં કરી દેવામાં આવશે. ડીએના ડીફરન્સ તરીકે કોર્પોરેશન ચાર કરોડનું પેમેન્ટ કરશે.

# વિકાસ સપ્તાહ અંતર્ગત રાજ્યભરમાં વિકાસ રથના માધ્યમથી કુલ રૂ. ૯૫૯ કરોડથી વધુના ૯,૨૫૪ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ૨૪ વર્ષની જનસેવાને ઉજવવા રાજ્ય સરકાર દ્વારા વિકાસ સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના દરેક જિલ્લા દીઠ એક 'વિકાસ રથ'ને પ્રસ્થાન કરાવીને ગુજરાતની વિકાસ ગાથાને જન-જન સુધી પહોંચાડવાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિકાસ રથ ગામડે-ગામડે ફરીને વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના ઘર આંગણે જ સહાય તેમજ અન્ય નાગરિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપી રહ્યો છે.

વિકાસ સપ્તાહ દરમિયાન ગામડે-ગામડે ફરી રહેલા રાજ્ય સરકારના ૩૪ વિકાસ રથ સાથે રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રી, સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓ ઉપરાંત ૯,૩૬૩થી વધુ સ્થાનિક પદાધીકારીશ્રી-અધિકારીશ્રીઓ અને ૨.૪૬ લાખથી વધુ નાગરીકો જોડાયા હતા. સપ્તાહ દરમિયાન વિકાસ રથના માધ્યમથી રાજ્યભરમાં કુલ રૂ. ૯૫૯ કરોડથી વધુના ૯,૨૫૪ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન કરવામાં આવ્યા હતા. જેમાં કુલ રૂ. ૭૦૪.૯૫ કરોડના ૪,૨૫૧ કામોના લોકાર્પણ તેમજ રૂ. ૨૫૪.૧૪ કરોડના ૪,૭૭૨ કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વિકાસ રથના માધ્યમથી જ વિવિધ યોજનાના ૨૪,૫૩૩ લાભાર્થીઓને કુલ રૂ. ૭૯.૨૪ કરોડની સહાય વિતરણ કરવામાં આવી હતી. સાથે જ, વિકાસ રથ સાથે જોડાયેલા કુલ ૨,૪૩,૭૫૪થી વધુ નાગરિકોએ "ભારત વિકાસ પ્રતિજ્ઞા" પણ લીધી હતી.ગુજરાત સરકારની આ વિકાસ યાત્રામાં રાજ્યના યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત તમામ વર્ગોને જોડવામાં આવી રહ્યા છે, જેથી "વિકસિત ભારત જ ૨૦૪૭"ના સંકલ્પને સાકાર કરવામાં દરેક નાગરિક પોતાનું મહત્તમ યોગદાન આપી શકે. - ઋચા રાવલ

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ખેડૂતોની હાલત કફોડી બની: થરાદમાં ૧૫૦થી વધુ ખેડૂતો ખાતરની અછતથી લાઈનમાં લાગ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના થરાદ પંથકમાં યુરિયા ખાતરની અછતને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. પોતાના પાક માટે તાત્કાલિક જરૂરી યુરિયા ખાતર મેળવવા માટે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પરિસ્થિતિ એટલી ગંભીર છે કે આજે વહેલી સવારથી જ ૧૫૦ થી વધુ ખેડૂતો ખાતરની દુકાનો કે વિતરણ કેન્દ્રો બહાર લાંબી કતારો લગાવીને ઊભા રહ્યા હતા. વહેલી સવારની ઠંડીમાં અને કલાકો સુધી ઊભા રહેવાના કારણે થાકી ગયેલા એક ખેડૂતને લાઈનમાં જ ચક્કર આવી ગયા હતા, જેના કારણે ત્યાં હાજર અન્ય ખેડૂતોમાં ગભરાહટ ફેલાયો હતો.

ખેડૂતો દ્વારા ખાતરના વિતરણની વ્યવસ્થા સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે, આ વિસ્તારમાં યુરિયા ખાતરની ગાડી માત્ર દર પાંચ દિવસે એક વખત જ આવે છે, જેના કારણે જથ્થો ખૂબ ઓછો પડે છે અને મોટાભાગના ખેડૂતોને ખાતર મળ્યા વિના જ પાછા ફરવું પડે છે.

આ વિલંબને કારણે તેમનો પાક સમયસર ખાતર વિના રહી જાય છે, જે સીધો પાકના ઉત્પાદન પર અસર કરે છે. ખેડૂતોએ માગણી કરી છે કે ખાતરનો જથ્થો નિયમિત અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય, જેથી તેમને કલાકો સુધી લાઈનમાં ઊભા ન રહેવું પડે.યુરિયા ખાતરની અછત અને વિતરણમાં થતી અનિયમિતતાને કારણે થરાદના ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ખાતરની લાઈનમાં ખેડૂતને ચક્કર આવવાની ઘટનાએ પણ તંત્રની બેદરકારી છતી કરી છે.

ખેડૂત સંગઠનોએ રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર પાસે તાત્કાલિક આ મામલે હસ્તક્ષેપ કરવાની માંગણી કરી છે. પાકની સિઝન પૂરજોશમાં ચાલી રહી હોવાથી, જો તાત્કાલિક ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ નહીં કરાય તો ખેડૂતોની મુશ્કેલી વધશે અને સંભવિતપણે મોટું આંદોલન પણ થઈ શકે છે.

# ભાવનગર રેલવે મંડળના ધોળા જંકશન રેલવે કોલોનીમાં "સાંસ્કૃતિક સાંજ" કાર્યક્રમનું સફળ આયોજન



પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળના કાર્મિક વિભાગ દ્વારા કર્મચારી હિત નિધિના સૌજન્યથી તા. ૧૫ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ ધોળા જંક્શન રેલવે કોલોનીમાં "સાંસ્કૃતિક સાંજ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ રેલવે કર્મચારીઓ અને તેમના કુટુંબના સભ્યોની પ્રતિભાને પ્રોત્સાહિત કરવાનો અને તેમને પોતાની કલા રજૂ કરવા માટે એક સકારાત્મક મંચ પ્રદાન કરવાનો હતો. આ આયોજન વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગનજીના માર્ગદર્શન અને પ્રેરણાથી સાંજે ૫:૦૦ વાગ્યાથી શરૂ થયું હતું.

કાર્યક્રમમાં રેલવે કોલોનીના બાળકો અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સંગીત તથા નૃત્યની સુંદર રજૂઆતો આપી હતી. દર્શકોએ સમગ્ર કાર્યક્રમનો ભરપૂર આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગનજીએ રેલવેમાં ચાલી રહેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું અને કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પુરસ્કૃત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન સહાયક કાર્મિક અધિકારી શ્રી સંતોષ કુમાર વર્માએ કોલોનીને સ્વચ્છ અને સુંદર રાખવા માટે પ્રેરણા આપી હતી અને "બેસ્ટ કેપ્ટ રેલવે ક્વાર્ટર એવોર્ડ" તરીકે એક નવી પહેલ રજૂ કરી હતી આ પહેલ હેઠળ ESM શ્રી અમોલ ડોંગરેને વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારીના કરકમળોથી સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, ધોળા શાખાના મેનેજર શ્રી અજીત કુમાર ગુપ્તાએ SBI રેલવે સેલરી પેકેજ અકાઉન્ટના લાભોની માહિતી આપી હતી.

આ પ્રસંગે સહાયક મંડળ ઈજનેર શ્રી વિજેન્દ્ર સિંહ અને પશ્ચિમ રેલવે એમ્પ્લોઈઝ યુનિયનના ડિવિઝનલ સેક્રેટરી શ્રી શૈલેન્દ્ર શ્રીવાસ્તવએ પણ કર્મચારીઓને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનમાં શ્રી શૈલેશ પરમાર (સચિવ, કર્મચારી હિત નિધિ અને કલ્યાણ નિરીક્ષક) તેમજ કલ્યાણ નિરીક્ષકોની ટીમનું વિશેષ યોગદાન રહ્યું, જેઓની મહેનતથી "સાંસ્કૃતિક સાંજ" કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# ગુજરાતના નવા મંત્રી મંડળમાં ૧૧ મંત્રીઓ ઘરભેગા થશે : જયારે ૨૦ નવા ચહેરા લોન્ચ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુરૂવારે મોડી રાત્રે મંત્રી મંડળ અંગે ચિત્ર સ્પષ્ટ થઈ જશે. મોડી રાત્રે ખબર પડશે મંત્રી મંડળમાં કોણ આઉટ અને કોની એન્ટ્રી થશે તેની ખબર પડી જશે.

ગુરૂવારે મોડી રાત્રે મુખ્યમંત્રી હાઉસમાં તમામ ધારાસભ્યોની બેઠક યોજાવવાની છે. રાત્રે ૮ વાગે મુખ્યમંત્રી નિવાસ સ્થાને મહત્વની બેઠક યોજાવવાની છે.




વર્તમાન મંત્રીઓના રાજીનામા લઈ લેવાયા છે. ભાજપના આંતરીક સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ ઉપરાંત હાલના ૧૭ મંત્રીઓનુ મંડળ છે. જેમાંથી ૧૧ જેટલા મંત્રીઓના પત્તા કપાશે. મુખ્યમંત્રી સહિત ૬ મંત્રીઓને યથાવત રાખવામાં આવશે. આ ઉપરાંત ૨૦ નવા ચહેરા લોન્ચ કરવામાં આવશે એટલે કે મંત્રી મંડળમાં ૨૦ નવા ચહેરા આવશે. આમ લગભગ ૨૬ થી ૨૭ મંત્રીઓ ને ગુજરાતની નવી કેબિનેટમાં સમાવેશ કરાશે.

મંત્રી મંડળમાં થી આઉટ થનારા મંત્રીઓમાં (૧) બચુ ખાબડ (૨) ભીખુસિંહ પરમાર (૩) બળવંતસિંહ રાજપુત (૪) ભાનુબેન બાબરીયા (૫) કુંવરજી હળપતી (૬) કુબેર ડીંડોર (૭) રાઘવજી પટેલ (૮) જગદીશ વિશ્વકર્મા (૯) મુળુ બેરા (૧૦) મુકેશ પટેલ જયારે યથાવત રહેનારા મંત્રીઓમાં (૧) હર્ષ સંઘવી (૨) ઋષીકેશ પટેલ (૩) કુંવરજી બાવળીયા (૪) પ્રફુલ પાનસેરીયા (૫) પરશોત્તમ સોલંકી (૬) કનુ દેસાઈ આ ઉપરાંત મુખ્યમંત્રી આજે ગુરૂવારે રાત્રે રાજયપાલને મળશે. મુખ્યમંત્રી રાત્રે ૯ વાગે રાજયપાલને મંત્રીઓનુ લીસ્ટ સોંપવાના હોવાનુ બહાર આવ્યુ છે.

### મંત્રીઓ ધનતેરસના દિવસે પોતાનો વિધીવત રીતે ચાર્જ સંભાળી લેશે

# શપથવિધી સમારોહ બાદ તરત જ મંત્રી મંડળ બેઠકમાં ખાતાની ફાળવણી થશે: ખાતાની ફાળવણીના પોટફોલીયુ બંધ કવરમાં આપવામાં આવશે : સુત્રો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના મંત્રી મંડળના વિસ્તરણની પ્રક્રિયા હવે અંતિમ તબકકે પહોચી ગઈ છે. આજે ૧૭ મી ઓકટોબર ના રોજ મહાત્મા મંદિર ખાતે નવા મંત્રી મંડળની શપથવિધી સમારોહ યોજાવવાની છે. આ સમારોહ બાદ તરત જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં નવી કેબિનેટની બેઠક યોજાશે. જેમાં નવા મંત્રીઓને તેમના વિભાગો અને ખાતાઓ ફાળવવામાં આવશે.



સુત્રોના કહેવા પ્રમાણે આજે ગુરૂવારે મુખ્યમંત્રી સિવાયના લગભગ તમામ વર્તમાન મંત્રીઓના રાજીનામા લઈ લેવામાં આવ્યા છે. માત્ર ૩ થી ૪ વર્તમાન મંત્રીઓને જ તેમના હોદ્દા પર જાળવી રાખવામાં આવશે. જયારે બાકીના મંત્રીઓને હટાવીને નવા ચહેરાઓને તક આપવામાં આવશે. આથી રાજય સરકારમાં મોટા પાયે પરીવર્તન થવાનુ નિશ્ચિત બની ગયુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હીના ઉચ્ચ સ્તરીય નેતૃત્વ સાથે અનેક બેઠકો કરી હતી. તેમાં નવા મંત્રી મંડળ માટેના નામોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યુ છે. ગુરૂવારે સાંજે મહત્વની બેઠક યોજાઈ હતી, મળતી માહિતી પ્રમાણે આ પ્રક્રિયા મોડી રાત સુધી ચાલી હતી.

દિવાળીના તહેવારોની શરૂઆત સાથે જ ગુજરાતમાં રાજકીય સ્તરે પણ નવા અધ્યાયની શરૂઆત થવા જઈ રહી છે. આજે યોજાનાર મંત્રી મંડળની શપથવિધિ બાદ નવા મંત્રીઓ ધનતેરસના શુભદિવસે પોત પોતાના વિભાગો અને કાર્યાલયનો ચાર્જ સંભાળશે તેવી માહિતી મળી રહી છે. ચાલુ વરસે ધનતેરસનો દિવસ રાજકીય રીતે પણ શુભ સંકેત લઈને આવી રહ્યો છે. શપથવિધી બાદ વિભાગોની ફાળવણીની પ્રક્રિયા પુરી થતા જ મોટાભાગના મંત્રીઓ શુભમુહુર્ત માં પોતાના વિભાગોમાં પ્રવેશ કરશે.

રાજય સરકારે આ પ્રસંગને શુભ શરૂઆત તરીકે જોવાની તૈયારી કરી છે. સુત્રો એવુ પણ કહી રહ્યા છે કે અગાઉ રૂપાણી મંત્રી મંડળમાં જે થીયરી અપનાવી હતી તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અપનાવી શકે છે. જેમાં કેબિનેટ બેઠક બાદ નવા મંત્રીઓને ખાતાના પોટફોલીયા બંધ કવરમાં પણ આપી શકાય છે કારણ કે કેટલાક મંત્રીઓની નારાજગી પણ બહાર આવે તો નવાઈ નહી.

રાજય સરકારમાં છેલ્લા કેટલાક સમયથી મંત્રી મંડળના વિસ્તરણ અંગે ચર્ચાઓ ચાલી રહી હતી હવે આખરે તે અંતિમ તબકકામાં પહોચી ગઈ છે. મુખ્યમંત્રીએ અમુક અનુભવી મંત્રીઓને જાળવી રાખીને નવા ચહેરાઓને સ્થાન આપવાનો નિર્ણય લીધો છે. જે સરકારના કાર્યમાં નવી ઉર્જા અને ગતિ લાવશે તેવી અપેક્ષા વ્યકત કરાઈ રહી છે. રાજકીય નિરીક્ષકોના જણાવ્યા પ્રમાણે ધનતેરસના દિવસે મંત્રીઓ દ્વારા ચાર્જ સંભાળવો એ પ્રતિકાત્મક રીતે નવુ સદભાગ્ય અને નવો પ્રારંભ દર્શાવશે. આગામી બે દિવસ રાજયના રાજકારણમાં ખુબ જ મહત્વના બનશે જયાં એક તરફ શપથવિધી સમારોહ સાથે નવી ટીમ કાર્યભાળ સંભાળશે. તો બીજી તરફ પોટફોલીયોની વહેચણી પછી સરકારનુ નવુ સ્વરૂપ જાહેર થશે.

# ભાવનગર મંડળના બોટાદ સ્ટેશન પર "અમૃત સંવાદ" કાર્યક્રમનું આયોજન



"સ્પેશિયલ કૈમ્પેન ૫.૦" હેઠળ પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળ દ્વારા ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ બોટાદ સ્ટેશન પર "અમૃત સંવાદ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માની ઉપસ્થિતિ રહી હતી.

આ અવસરે યાત્રિયો સાથે સંવાદ સ્થાપિત કરીને "અમૃત ભારત સ્ટેશન યોજના (ABSS)" હેઠળ બોટાદ સ્ટેશન પર કરવામાં આવેલા વિકાસ કાર્યો અંગે માહિતી શેર કરવામાં આવી હતી. મુસાફરોને જણાવાયું હતું કે અમૃત ભારત સ્ટેશન યોજના ભારતીય રેલવેની એક મહત્ત્વાકાંક્ષી પહેલ છે, જેનો હેતુ દેશભરના સ્ટેશનોનું તબક્કાવાર વિકાસ અને આધુનિકીકરણ કરીને તેમને વધુ સુવિધાસભર, સ્વચ્છ અને આધુનિક બનાવવાનો છે.

યોજનામાં સતત વિકાસ, ડિજિટલ માહિતી પ્રણાલી, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને સૌંદર્યીકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ કાર્યોમાં જનભાગીદારીની પણ મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

બોટાદ સ્ટેશન પર રૂ.૯.૨૧ કરોડના ખર્ચે વિવિધ યાત્રી સુવિધાઓ વિકસાવવામાં આવી છે, જેમાં સમાવેશ થાય છે:

- પ્લેટફોર્મનું પુનઃસર્ફેસિંગ
- પ્લેટફોર્મ નં. ૧, ૨ અને ૪ પર નવા પ્રતીક્ષા ખંડો અને શૌચાલય બ્લોકોનું નિર્માણ
- દિવ્યાંગ અનુકૂલ સુવિધાઓ
- નવા પ્રવેશ અને નીકળવાના દ્વાર
- સર્ક્યુલેટિંગ એરિયા અને પાર્કિંગનું વિકાસ
- સ્ટેશન બિલ્ડિંગનું ફેસાડ સુધારણ, લાઈટિંગ અને લેન્ડસ્કેપિંગ કાર્ય

સાથે જ રૂ.૨૮.૪૬ કરોડના ખર્ચે ૧૨ મીટર ચૌડા ફૂટ ઓવર બ્રિજ (FOB)નું નિર્માણ કાર્ય પ્રગતિ પર છે, જેમાં લિફ્ટ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કાર્ય ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે, જેનાથી મુસાફરોના આવાગમન અને સુવિધામાં નોંધપાત્ર સુધારો થશે.

આ પ્રયાસો દ્વારા ભારતીય રેલવે મુસાફરોને સુરક્ષિત, સ્વચ્છ, આધુનિક અને મુસાફર-મિત્ર વાતાવરણ પ્રદાન કરવાની દિશામાં સતત આગળ વધી રહી છે. બોટાદ સ્ટેશનને આકર્ષક અને આધુનિક મોડલ સ્ટેશન તરીકે વિકસાવવાનું કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે.

કાર્યક્રમ દરમિયાન મુસાફરો પાસેથી તેમના સૂચનો અને પ્રતિભાવ પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. મુસાફરોએ રેલવે દ્વારા કરવામાં આવેલા કાર્યોની પ્રશંસા કરી તેમજ કેટલાક ઉપયોગી સૂચનો પણ આપ્યા, જેના પર રેલવે પ્રશાસન દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

# પ્રતાપનગર થી જયનગર માટે રવિવારે અનરિઝર્વ્ડ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

વડોદરા મંડળ દ્વારા યાત્રીઓની સુવિધા તથા દિવાળી અને છઠ પૂજાના તહેવારોની સિઝન દરમિયાન તેમની યાત્રા માંગને પૂરી કરવાના હેતુથી પ્રતાનગર-જયનગર સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર અનરિઝર્વ્ડ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે.

૧. ટ્રેન નંબર ૦૯૧૫૧/૦૯૧૫૨ પ્રતાપનગર-જયનગર અનરિઝર્વ્ડ સ્પેશિયલ (અઠવાડિક) ચ૦૪ ફેરા]

ટ્રેન નંબર ૦૯૧૫૧ પ્રતાનગર – જયનગર સ્પેશિયલ રવિવાર, ૧૯ અને ૨૬ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ ૧૬:૩૫ કલાકે પ્રતાપનગરથી ઉપડશે અને મંગળવારના રોજ ૧૦:૦૦ કલાકે જયનગર પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૫૨ જયનગર – પ્રતાપનગર સ્પેશિયલ મંગળવાર, ૨૧ અને ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ ૧૪:૦૦ કલાકે જયનગરથી ઉપડશે અને ગુરૂવારના રોજ ૦૫:૩૦ કલાકે પ્રતાપનગર પહોંચશે.

આ ટ્રેન બંને દિશાઓમાં વડોદરા, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, કટની મુરવારા, સતના, માનિકપુર, પ્રયાગરાજ છિવકી, મિર્જાપુર, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર, મુજફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા અને મધુબની સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ–શેખપુરા વચ્ચે સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા આગામી દિવાળી તહેવારને ધ્યાને રાખીને મુસાફરોની માંગ અને સુવિધા માટે અમદાવાદ–શેખપુરા વચ્ચે સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનનું વિવરણ નીચે મુજબ છે:

- ટ્રેન નંબર ૦૯૪૬૩/૦૯૪૬૪ અમદાવાદ–શેખપુરા–અમદાવાદ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર (૦૪ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૬૩ અમદાવાદ–શેખપુરા સ્પેશિયલ ટ્રેન અમદાવાદથી ૧૮ ઓક્ટોબર, ૨૦૨૫ (શનિવાર) અને ૨૩ ઓક્ટોબર, ૨૦૨૫ (ગુરૂવાર)ના રોજ બપોરે ૧૫:૨૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે સવારે ૦૪:૦૦ કલાકે શેખપુરા પહોંચશે.

તે જ રીતે ટ્રેન નંબર ૦૯૪૬૪ શેખપુરા–અમદાવાદ સ્પેશિયલ ટ્રેન શેખપુરાથી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ (સોમવાર) અને ૨૫ ઓક્ટોબર, ૨૦૨૫ (શનિવાર)ના રોજ સવારે ૦૬:૩૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સાંજે ૨૦:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મકસી, સંત હિર્દારામ નગર, બિના, દમોહ, કટની, મૈહર, સતના, માનિકપુર, પ્રયાગરાજ છીક્કી, મિર્જાપુર, પંડિત દિનદયાલ ઉપાધ્યાય જં., ભભુઆ, સાસારામ, ડેહરી ઑનસોન, અનુગ્રહ નારાયણ રોડ, ગયા, તિલૈયા અને નવાદા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨ ટિયર, સ્લીપર તેમજ સામાન્ય વર્ગના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૪૬૩ માટેની બુકિંગ ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫થી તમામ પી.આર.એસ. કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરી શકે છે.

# આંબલિયાસણ-વિજાપુર રેલવે સેક્શનનું ગેજ રૂપાંતરણ કામ પૂર્ણ, સંરક્ષા નિરીક્ષણ શરૂ

### ૪૨.૩૨ કિ.મી. લાંબો સેક્શન હવે બ્રૉડ ગેજમાં રૂપાંતરિત, ૧૬ અને ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ થઈ રહ્યું છે સંરક્ષા નિરીક્ષણ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આંબલિયાસણ-વિજાપુર રેલવે સેક્શન (૪૨.૩૨ કિ.મી.) નું ગેજ રૂપાંતરણ કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ રેલવે સેક્શનનો વર્ષ ૧૯૦૨ માં મીટર ગેજ લાઈનના રૂપે પ્રારંભ થયો હતો અને હવે આનું બ્રૉડ ગેજમાં રૂપાંતરણ કામ પૂર્ણ થઈ ગયું છે. હવે આ સેક્શન યાત્રીઓ માટે આધુનિક અને સુરક્ષિત સંચાલન માટે તૈયાર છે. આ સેક્શનનું સંરક્ષા નિરીક્ષણ (Safety Inspection) રેલવે સંરક્ષા કમીશનર (CRS), પશ્ચિમ રેલવે, શ્રી ઈ. શ્રીનિવાસ દ્વારા ૧૬ અને ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ કરવામાં આવી રહ્યું છે.



પાછલા બે મહિનામાં રેલવે સંરક્ષા કમીશનર (CRS) દ્વારા લગભગ ૧૦૦ કિ.મી. સેક્શનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે, જેમાં હાલમાં સંપન્ન હિમ્મતનગર-ખેડબ્રહ્મા રેલવે સેક્શન (૫૪.૮૩ કિ.મી.) નું CRS નિરીક્ષણ પણ સામેલ છે. સાથે જ, વિજાપુર-આદર મોતી રેલવે સેક્શન (૩૯.૮૫ કિ.મી.) નું ગેજ રૂપાંતરણ કામ પણ પૂર્ણ થવાની દિશામાં છે, જેનું સંરક્ષા નિરીક્ષણ આગામી દિવસોમાં કરવામાં આવશે.

તારીખ ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ નિરીક્ષણના પ્રથમ દિવસે રેલવે સંરક્ષા કમીશનર દ્વારા આંબલિયાસણથી કૂકરવાડા સુધી કુલ ૨૬.૬૧ કિલોમીટર લંબાઈના સેક્શનનું મોટર ટ્રોલી મારફતે વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન આંબલિયાસણ સ્ટેશનથી નિરીક્ષણનો આરંભ કરવામાં આવ્યો તથા સિગ્નલ અને ઈન્ટરલોકિંગ પેનલની કાર્યપ્રણાલીની તપાસ કરવામાં આવી. આ ઉપરાંત, RUB નંબર 98A અને 79B પર ઊંચાઈ માપ (Height Gauge) અને પાણી નિકાસ (Drainage Arrangement) ની વ્યવસ્થાનું નિરીક્ષણ કરવામાં આવ્યું.

આગળ લાંઘંજ સ્ટેશન તથા ગોઝારીયા સ્ટેશનનું પણ સંરચનાત્મક અને સિગ્નલિંગ નિરીક્ષણ કરવામાં આવ્યું. આની સાથે જ લેવલ ક્રોસિંગ નંબર ૬૯, ૭૭, ૭૮ અને ૮૮, મેજર બ્રિજ નંબર ૮૫છ અને ૯૭ નું નિરીક્ષણ કરવામાં આવ્યું. તમામ સ્થળોએ મોટર ટ્રોલી દ્વારા ટ્રેક સંરચના, પુલ સિગ્નલિગં વ્યવસ્થા અને સુરક્ષા ઉપાયોની ગહન સમીક્ષા કરવામાં આવી.

નિરીક્ષણ ટીમમાં શ્રી ઈ. શ્રીનિવાસ, રેલવે સંરક્ષા કમીશનર, (CRS), પશ્ચિમ રેલવે, શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ વ્યવસ્થાપક, અમદાવાદ, શ્રી પ્રદીપ ગુપ્તા, મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ), મુખ્ય ટ્રેક એન્જિનિયર તથા નિર્માણ અને ઓપન લાઈન વિભાગોના સિનિયર અધિકારી સામેલ હતા.

પરિયોજના અંતર્ગત આ ખંડમાં કુલ ૦૨ મેજર બ્રિજ, ૫૧ માઈનર બ્રિજ તેમજ ૪૫ નવા રોડ અન્ડર બ્રિજ (RUBs)નું નિર્માણ કરવામાં આવ્યું છે. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રેલવે લાઈનને લેવલ ક્રોસિંગ્સ નજીક ફેન્સિંગ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે તથા આ ખંડમાં કુલ ૦૪ લેવલ ક્રોસિંગ્સ છે.

બ્રોડ ગેજ ટ્રેકમાં ૬૦ કિલોગ્રામના નવા રેલ પેનલ નાખવામાં આવ્યા છે. આંબલિયાસણ અને વિજાપુર સ્ટેશનોને સ્ટાન્ડર્ડ-II ઈન્ટરલોકિંગ સિસ્ટમ અને મલ્ટિપલ એસ્પેક્ટ કલર લાઈટ સિગ્નલિંગ (MACLS)થી સજ્જ કરવામાં આવ્યા છે, જેના કારણે ટ્રેનોના સંચાલનમાં સુરક્ષા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે.

આ નવો બ્રૉડ ગેજ ખંડ દેશના મુખ્ય રેલવે નેટવર્ક સાથે સીધો જોડાશે, જેના દ્વારા મુસાફરોને વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક મુસાફરી સુવિધા મળશે. આ પરિયોજનાથી ઉત્તર ગુજરાતના ગ્રામ્ય અને ઔદ્યોગિક વિસ્તારોને વધુ સારી રેલ કનેક્ટિવિટી મળશે, જેના પરિણામે મુસાફરીના સમયમાં ઘટાડો, વેપાર અને કૃષિ ક્ષેત્રમાં વૃદ્ધિ તથા સ્થાનિક અર્થતંત્રમાં મજબૂતી સુનિશ્ચિત થશે.

આ ખંડ શરૂ થવાથી વિજાપુર વિસ્તારના પ્રસિદ્ધ ઘઉં, બટાકા અને તેલ ઉત્પાદનોની પુરવઠા દેશભરમાં વધુ સુગમ રીતે થઈ શકશે, જેના કારણે વેપારને પ્રોત્સાહન મળશે અને પ્રાદેશિક આર્થિક વિકાસને ગતિ મળશે.

સંરક્ષા નિરીક્ષણના અંતિમ દિવસે, ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ એન્જિન સ્પીડ ટ્રાયલ ૧૨૦ કિમી પ્રતિ કલાકની ગતિએ કરવામાં આવશે, જેના પછી આ ખંડ પર ટ્રેનોના સંચાલન શરૂ કરવા માટેની પ્રક્રિયા આગળ વધારાશે.પશ્ચિમ રેલવેની આ પરિયોજના મુસાફરોની સુવિધા, સુરક્ષા અને પ્રાદેશિક વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.

# રાજકોટમાં પ્રદેશ ભાજપ પ્રમુખનુ બારાત જેવુ સ્વાગત કરાયું : પુસ્તકો આપવા લાગી લાઈનો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના નવનિયુકત પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ગઈ કાલે બુધવારે પ્રથમ વખત રાજકોટ આવતા શહેર ભાજપમાં પણ અનેક નવા સમીકરણો સર્જાયા હતા. વિશ્વકર્માએ તેની નવી ટીમ હજુ પુરી તૈયાર કરવાની બાકી છે. રાજકોટ શહેર જિલ્લા સહિતના રાજયભરમાં મહાનગર અને જિલ્લા સંગઠનમાં પણ ફકત પ્રમુખ જ નિયુકત થયા છે.

આજે રાજય સરકારના મંત્રી મંડળનુ વિસ્તરણ થવાનુ છે. વિસ્તરણ બાદ પક્ષ પ્રમુખ તે એજન્ડા હાથમાં લેશે તેવા સંકેત છે અને હવે નવી ટીમ દિવાળી પછી જ આવી શકે છે. તો બીજી તરફ ગઈ કાલે બુધવારે પ્રદેશ પ્રમુખના સ્વાગત અને તેમની સાથે તસવીર ખેંચાવવા તેમની નજરમાં આવી જવાય તે ખાસ જોવાયુ હતું. રાજકોટ શહેર ભાજપના પ્રમુખ માધવ દવે માટે નવા પ્રદેશ પ્રમુખ પુરી રીતે ખુશ થઈને રાજકોટ થી પરત જાય તે જોવામાં કોઈ કસર છોડી ન હતી. જગદીશ વિશ્વકર્માએ પ્રમુખ બનતા જ તેઓએ બુકે (ફુલના ગુલદસ્તા) નહી પણ બુક સ્વીકારશે તેવી જાહેરાત કરી હતી. પણ ગઈ કાલે બુધવારે તેમનુ બારાત જેવુ સ્વાગત થયુ હતું. તો બીજી તરફ વિશ્વકર્માની અપીલ બાદ બાળકોને શિક્ષણમાં ઉપયોગી થાય તેવી નોટબુક અને ચોપડાઓ સાથે સંખ્યાબંધ કાર્યકર્તાઓ પહોચી ગયા હતા. પણ જે રીતે પ્રમુખનુ સ્વાગત કરવામાં જબરો ઉત્સાહ જોવા મળતો હતો. તેથી તેઓ પ્રમુખ સુધી પહોચી શકયા કે કેમ તે પ્રશ્ન હતો તો બીજી તરફ અત્યાર સુધી ભાજપના કાર્યક્રમના આમંત્રણ નહી મળવાથી ઈરાદાપૂર્વક ગેરહાજરી નોંધાવનાર અનેક મહાનુભાવો ગઈ કાલે હાજર હતા જેમાં પૂર્વ પ્રમુખ નિતીન ભારદ્વાજ, પૂર્વ મહામંત્રી કશ્યપ શુકલા અને તેની સાથે જ પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ એક સાથે બેસેલા જોવા મળ્યા હતા તો યુવા ભાજપના પ્રમુખ અને



શહેરના નવા સંગઠનમાં અથવા મહાનગરપાલિકા ચુંટણીમાં તક માટે ફેવરીટ ગણાતા યુવા ભાજપ પ્રમુખ કિશન ટીલવાયે ૨૦૦૦ થી વધુ બાઈકની રેલી યોજી પ્રમુખને ખુશ કરી દીધા હતા.

વિશ્વકર્માએ રાજકોટના ઈતિહાસ અને ભાજપ જનસંઘનો સમય યાદ કરી સ્વ. ચીમનભાઈ શુકલા, સ્વ. સુર્યકાંત આચાર્ય, સ્વ. અરવિંદભાઈ મણીયાર, સ્વ. કેશુભાઈ પટેલને ખાસ યાદ કર્યા હતા. રસપ્રદ બાબત એ છે કે ભાજપને હવે સ્વ. કેશુભાઈ પટેલ યાદ આવવા લાગ્યા છે. તે પણ સુચક છે, તો વિશ્વકર્માએ રાજકોટની ઉંઘ અને મીઠાઈ બંનેને યાદ કર્યા હતા. પ્રમુખનુ આગમન તેમના શેડયુલથી લગભગ દોઢ કલાક મોડુ શરૂ થયુ, જો કે વિશ્વકર્માએ તેનો ખુલાસો કરતા કહ્યુ હતુ કે હું તો સમયસર જ હતો પણ ટ્રાફીક નડી ગયો તેમાં તેઓને અમદાવાદ એરપોર્ટ પર ભારે એરટ્રાફીકથી તેમનુ વિમાન ટેક ઓફ થાય તેના એક કલાક રાહ જોવી પડી હતી અને રાજકોટમાં તેઓને કાર બાઈક રેલી પણ વિલંબ સર્જી હતી. જેના કારણે સમારોહમાં જાહેરાત કરવી પડી હતી કે ભોજન હજુ શરૂ થયુ નથી.

# ગુજરાતમાં કિસાનો પર અત્યાચાર ને કારણે જ ખેડુતોએ કોંગ્રેસને ઉખાડી ફેંકી હતી હવે ભાજપનો વારો : અરવિંદ કેજરીવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગુજરાતની ભાજપ સરકાર પર ઘમંડી હોવાનો આરોપ લગાવતા કહ્યુ હતુ કે સરકાર ખેડુતો પર નિર્દયતાથી જુલમ અને દમન કરી રહી છે, તેમણે નિર્દેશ કર્યો કે કોંગ્રેસે લગભગ ૩૦ વરસ પહેલા પણ આવુ જ કર્યુ હતુ અને તેમને સત્તા પરથી દુર કરવામાં આવ્યા હતા અને હવે ભાજપ પણ એ જ માર્ગે ચાલી રહી છે.

કેજરીવાલે ભાજપને ચેતવણી આપતા કહ્યુ હતુ કે ગરીબ ખેડુતના રડવાનો અવાજ તેમને કયાંય છોડશે નહી, આજે ગુરૂવારે કેજરીવાલે સોશીયલ મીડીયા પર એક વિડીયો જાહેર કરતી વખતે આ ટીપ્પણી કરી હતી. તેમાં તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતના બોટાદમાં ખેડુતોએ તાજેતરમાં બે મુખ્ય માંગણીઓ ઉઠાવવા માટે મહાપંચાયત બોલાવી હતી. પરંતુ પોલીસે લાઠીચાર્જ કર્યો, ખેડુતોને નિર્દયતાથી માર માર્યો અને ટીયરગેસના સેલ છોડી તેમને વિખેરી નાખ્યા, વધુમાં પોલીસે આ



મહાપંચાયતના સંદર્ભમાં આશરે ૮૫ ખેડુતો વિરૂધ્ધ કેસ દાખલ કર્યા છે જેમાં હત્યાના પ્રયાસનો પણ સમાવેશ થાય છે. આજે ગુરૂવારે આ આંદોલન દરમિયાન દરેક પગલા પર ખેડુતો સાથે સાથે ખભે ખભા મીલાવીને ઉભા રહેલા તેમના પક્ષના બે નેતાઓની પણ ધરપકડ કરવામાં આવી છે. કેજરીવાલે પોતાનો આ વિડીયો શેર કરતા લખ્યુ, ૧૯૮૫ માં ગુજરાતમાં ૧૮૨ માં થી ૧૪૯ બેઠકો જીતતા કોંગ્રેસ ઘમંડી બની ગઈ હતી. ૧૯૮૭ માં ખેડુત આંદોલન થયુ હતુ. કોંગ્રેસે આ આંદોલનને દબાવી દીધુ તો ગુજરાતના લોકોએ આગામી ચુંટણીમાં ૧૪૯ બેઠકો સાથે કોંગ્રેસને હાંકી કાઢી.

ભાજપ છેલ્લા ૩૦ વરસથી ગુજરાતમાં શાસન કરતા ખુબ જ ઘમંડી બની ગયા છે. જે રીતે ગુજરાતમાં ખેડુતોને દબાવવાનુ શરૂ કર્યુ છે તેવી જ રીતે ગુજરાતના લોકો આગામી ચુંટણીમાં ભાજપને હાંકી કાઢશે. કેજરીવાલે શેર કરેલા વિડીયોમાં કહ્યુ કે ગુજરાતના ખેડુતો ખુબ જ નાખુશ છે અને તેઓ તેમના હકોની માંગણી માટે રસ્તા પર ઉતરી આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના ખેડુતો તેમના હકોની માંગણી માટે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ૧૨ ઓકટોબરે આવી જ ઘટના બની હતી. ગુજરાતના ખેડુતોની ઘણી માંગણીઓ છે પરંતુ ૧૨ ઓકટોબરે ખેડુતોએ બે માંગણીઓ પુર્ણ કરવા માટે બોટાદ જિલ્લાના હડદડ ગામમાં મહાપંચાયત બોલાવી હતી. ગુજરાતમાં કડદા પ્રથા પ્રણાલી છે. આ પ્રણાલી હેઠળ જયારે કોઈ ખેડુત પોતાનો પાક વેચવા માટે બજારમાં જાય છે ત્યારે વેપારી અને ખેડુત વચ્ચે પાકના ભાવ અંગે કરાર થાય છે.

જો કે કેટલાક વેપારીઓ કડદા પ્રણાલીનો ઉપયોગ છેતરપીંડી તરીકે કરીને ખેડુતોનુ શોષણ કરે છે. તેઓ ૧૦૦ થી ૧૫૦ કિલો પાક , અથવા કુલ અનાજ ના ૧૦ કે ૨૦ ટકા સંમત ભાવે ખરીદે છે પરંતુ બાકીના પાકને ખામીયુકત જાહેર કરે છે. દાવો કરે છે કે તેમને સંપૂર્ણ કિંમત મળશે નહી અને તે ઓછી કિંમતે ખરીદે છે. આ લગભગ તમામ ખેડુતો સાથે થઈ રહ્યુ છે. ખેડુતો માંગ કરે છે કે તેમને આ શોષણમાંથી બચાવવામાં આવે, વેપારીઓએ તેમના દ્વારા નકકી કરાયેલા દરે બધા પાક ખરીદવાની ફરજ પાડવી જોઈએ. ખેડુતો ફકત તેમના પાક માટે વ્યાજબી ભાવની માંગ કરી રહ્યા છે.

# ભાજપમાં અસંતોષની આગ વધુ પ્રસરી : મંત્રી મંડળના વિસ્તરણ અગાઉ જ બે નેતાઓએ આપ્યા ધડાધડ રાજીનામા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મંત્રી મંડળનુ વિસ્તરણ થવાનુ છે તે અગાઉ જ ભાજપના ગઢના કાંકરા ખરવા માંડયા છે.

સિકકા નગરપાલિકામાં ભાજપના ૮ જેટલા કોર્પોરેટરોએ ભાજપને અલવિદા કરી દઈ કોંગ્રેસનો ખેસ પહેરી લીધુ હોવાની ચર્ચા હજુ તો ચાલુ જ છે. ત્યાં જ આજે ગુરૂવારે ભાજપના વધુ બે અગ્રણી નેતાઓ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાઈ જવાની વાતે રાજકીય માહોલ ગરમ કરી દીધો છે.

ડાંગ જિલ્લાના ભાજપના સક્રિય નેતા દિપક પીંપળે અને મંગળ ગાવિતે ભાજપમાંથી રાજીનામુ આપી દીધુ હોવાના અહેવાલ મળી રહ્યા છે. ડાંગ જિલ્લાની આહવા તાલુકા પંચાયતના



સભ્ય અને ભાજપના સક્રિય નેતા દિપક પીંપળે ડાંગ જિલ્લાના ભાજપ પ્રમુખ કિશોર ગાવિતને લેખિતમાં પોતાનુ રાજીનામુ સુપ્રત કર્યુ છે. ઉલ્લેખનીય છે કે દિપક પીંપળે છેલ્લા ૨૫ વરસથી ભાજપ સાથે જોડાયેલા હતા. તેઓએ આહવા તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના પૂર્વ પ્રમુખ તરીકે પણ ફરજ બજાવી હતી. તેઓ ભાજપના જુના જોગી ગણાય છે. દિપક પીંપળે અચાનક ભાજપ છોડવાની જાહેરાત કરતા રાજકીય માહોલ ગરમાયો છે. હાલ ભાજપમાં ચાલી રહેલો જુથવાદ ધીરે ધીરે ઉગ્ર સ્વરૂપ લઈ રહ્યાનુ જણાવા મળી રહ્યુ છે અને અત્યાર સુધી શિસ્તબધ્ધ ગણાતી પાર્ટીના નેતાઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ચર્ચા છે કે પાર્ટીમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા નેતાઓને હવે વધુ મહત્વ આપવામાં આવી રહ્યુ છે. અને જુના જોગીઓને સાઈડ લાઈન કરાતા હોવાની વાતો સંભળાઈ રહી છે.

અત્રે જણાવી દઈએ કે આ અગાઉ જામનગરના સિકકા નગરપાલિકાના વર્તમાન કારોબારી ચેરમેન જુસબ બારૈયા સહિત ૮ કોર્પોરેટરો ભારતીય જનતા પાર્ટી છોડીને કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. ત્યારે ડાંગ જિલ્લામાં પણ ૨ ભાજપના આગેવાનો કોંગ્રેસમાં જતા આ ઘટના ભાજપ માટે મોટો ઝટકો ગણાય છે. કારણ કે અસંતોષની ચીનગારીની આગ નવા મંત્રી મંડળના વિસ્તરણ બાદ વધુ ભરકી શકે છે. કારણ કે કાયદો વ્યવસ્થા કથળી હોવા છતાં તેવા મંત્રીઓને પ્રમોશન આપી દેવામાં આવી છે. મંત્રી મંડળ વિસ્તરણમાં પ્રજાને વચ્ચે રાખી મંત્રીઓનુ વિસ્તરણ કરવામાં આવે તેના બદલે પ્રદેશ પ્રમુખના માનીતાઓને મંત્રી મંડળ વિસ્તરણમાં સમાવેશ કરાતા વિસ્તરણ બાદ ભાજપમાં ભુકંપ સર્જાઈ શકે છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસથી નાખુશ છે પાયલોટ સુમિતના પિતાઃ સુપ્રિમ કોર્ટમાં ન્યાયીક તપાસની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

પાયલોટ સુમિત સભરવાલના પિતા પુષ્કરાજ સભરવાલે સુપ્રિમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે સરકારી તપાસ અહેવાલ ખોટો છે અને તેમના પુત્રને અકસ્માત માટે ખોટી રીતે દોષી ઠેરવવામાં આવ્યો છે. તેમણે હવે સુપ્રિમ કોર્ટને અકસ્માતની નવી ન્યાયીક દેખરેખ હેઠળ તપાસ નો આદેશ આપવા વિનંતી કરી છે. ૧૨ જુન ૨૦૨૫ ના રોજ અમદાવાદ એરપોર્ટ પરથી ટેકઓફ થયા પછી તરત જ એર ઈન્ડીયા બોઈંગ ૭૮૭ ડ્રીમ લાઈનર ક્રેશ થયુ હતું. આ અકસ્માતમાં ૨૨૯ મુસાફરો, ૧૨ ક્રુ સભ્યો અને જમીન પર ૧૯ લોકોના મોત થયા હતા. પાયલોટ કેપ્ટન સુમિત સભરવાલના પિતા પુષ્કરાજ સભરવાલે સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં આરોપ મુકવામાં આવ્યો છે કે સરકારી તપાસ પક્ષપાતી અને અધુરી છે.



રીપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે અકસ્માત પાયલોટની ભુલને કારણે થયો હતો. પરંતુ વાસ્તવમાં વિમાનમાં ટેકનીકલ ખામી સર્જાઈ હતી. અકસ્માત સમયે વિમાનનુ રામ એર ટર્બાઈન (આરએટી) આપ મેળે તૈનાત થઈ ગયુ હતુ, જે ત્યારે જ થાય છે જયારે વિમાનની ઈલેકટ્રીકલ અથવા કંટ્રોલ સિસ્ટમ નિષ્ફળ જાય છે. અરજદાર દલીલ કરે છે કે જો સિસ્ટમમાં ખામી હોય તો પાયલોટને કેવી રીતે જવાબદાર ઠેરવી શકાય ? અમે સંપૂર્ણપણે નિષ્પક્ષ તપાસ ઈચ્છીએ છીએ, પાયલોટના મૃત્યુ પછી તેની છબી ખરાબ કરવી ખુબ જ ખોટુ છે. પાયલોટ સંગઠન, ફેડરેશન ઓફ ઈન્ડીયન પાયલોટ્સ (એફઆઈપી) એ પણ અરજીને ટેકો આપ્યો છે. એફઆઈપી દલીલ કરે છે કે તપાસ અહેવાલ બોઈંગ ૭૮૭ ની સોફટવેર સિસ્ટમ (સીસીએસ) અને ઈલેકટ્રીકલ ખામી જેવા અનેક તકનીકી પાસાઓને અવગણે છે.

અરજીમાં એવો પણ આરોપ છે કે કોકપીટ વોઈસ રેકોર્ડર (સીવીઆર) રેકોર્ડીંગ મીડીયામાં લીક કરવામાં આવ્યુ હતું. જેનાથી ખોટી વર્તાઓ ફેલાવવામાં આવી હતી અને પાયલોટની છબી ખરાબ થઈ હતી. પાયલોટના પિતાએ અરજીમાં જણાવ્યુ હતુ કે તેમનો પુત્ર એક પ્રમાણિક અને અનુભવી પાયલોટ હતો. તેમણે ભુલ વિના ૧૫ હજાર કલાક ઉડાન ભરી હતી. પરંતુ હવે તેમના પર ખોટો આરોપ મુકવામાં આવી રહ્યો છે. પાયલોટના પિતાએ જણાવ્યુ હતુ કે ૩૦ ઓગસ્ટના રોજ તપાસ ટીમના બે સભ્યો તેમના ઘરે અણધાર્યા રીતે પહોચ્યા હતા અને દાવો કર્યો હતો કે આ અકસ્માત તેમના પુત્રની ભુલને કારણે થયો હતો. પિતાનો દાવો છે કે આ સત્ય છુપાવવાનો અને જવાબદારી ટાળવાનો પ્રયાસ છે. અરજીમાં માંગ કરવામાં આવી છે કે સુપ્રિમ કોર્ટ નિવૃત્ત ન્યાયાધીશની દેખરેખ હેઠળ આ મામલાની તપાસ કરે અને રીપોર્ટમાં સામેલ તમામ સરકારી અધિકારીઓને તપાસમાંથી દુર કરવામાં આવે.

# આજે ગુજરાત સરકારના મંત્રી મંડળ વિસ્તરણ અગાઉ ગુરૂવારે મોડી સાંજે મુખ્યમંત્રી સિવાય તમામ મંત્રીઓ પાસેથી રાજીનામા લઈ લેવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મળેલી મહત્વપૂર્ણ બેઠક આજે ગુરૂવારે મોડી સાંજે પુરી થઈ હતી. જેમાં મુખ્યમંત્રી સાથે તમામ મંત્રીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી સિવાય તમામ મંત્રીઓના રાજીનામા લઈ લેવાયા હતા. મુખ્યમંત્રી સિવાય તમામ ૧૬ મંત્રીઓએ રાજીનામા આપી દીધા હતા. ગુજરાતના મંત્રીઓએ આપેલા રાજીનામા રાજયપાલને મોડી રાત્રે સોંપવામાં આવ્યા હતા.

તમામના રાજીનામા તૈયાર હતા. મંત્રીઓએ રાજીનામા માં સહી કરી હતી અન્ય કોઈપણ પ્રકારની સુચનાઓ આપવામાં આવી ન હતી. પક્ષના કહેવાથી



તમામે રાજીનામા આપી દીધા હતા. સૌ પ્રથમ રાજીનામુ જગદીશ વિશ્વકર્માએ આપ્યુ હતુ. જગદીશ વિશ્વકર્મા ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ છે. કચ્છના ૬ ધારાસભ્યમાંથી એક ધારાસભ્યને મંત્રી બનાવી શકે છે, સુત્રોના કહેવા પ્રમાણે માંડવીના ધારાસભ્ય અનિરૂધ્ધ દવેનો મંત્રી મંડળમાં સમાવેશ સંભવ છે. અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં ૫૩ માં થી ભાજપના ૪૩ ધારાસભ્ય છે. મુખ્યમંત્રી સિવાય ઉત્તર ગુજરાતમાંથી ૪ નો મંત્રી મંડળમાં સમાવેશ કરાશે. ઉત્તર ગુજરાતમાંથી ૧ કડવા પટેલ, ૧ ઓબીસી, ૧ એસ ટી ધારાસભ્યનો સમાવેશ થશે. ૠષીકેશ પટેલ મંત્રી મંડળમાં યથાવત રહેશે. તો બીજી તરફ ભિલોડાના ધારાસભ્ય અને પૂર્વ આઈપીએસ અધિકારી પી સી બરંડાનો મંત્રી મંડળમાં સમાવેશ શકય છે. સૌરાષ્ટ્રની ૪૭ પૈકી ભાજપ પાસે ૪૨ બેઠક છે. સૌરાષ્ટ્રના ૭ થી ૮ ધારાસભ્ય મંત્રી બનશે. સૌરાષ્ટ્રના ૩ લેઉઆ અને ૧ કડવા પાટીદાર ધારાસભ્યનો મંત્રી મંડળમાં સમાવેશ થઈ શકે છે. કોળી સમાજના ૨ અને આહીર સમાજના ૧ ધારાસભ્યને મંત્રી બનાવાશે. સૌરાષ્ટ્રમાં એસ સી ના ૧ અને ક્ષત્રિય સમાજમાંથી ૧ ધારાસભ્યને મંત્રી બનાવાશે. કિરીટસિંહ રાણા અને રીવાબા જાડેજાનો મંત્રી મંડળમાં સમાવેશ થઈ શકે છે.

# શપથ લીધા બાદ તમામ મંત્રીઓ ચુરમાના લાડુ, ફુલવડી સહિત ઘણુ જમશે

પ્રતિનિધિ,ગાંધીનગર


આજે ગુજરાત સરકારનુ મંત્રી મંડળનુ વિસ્તરણ થવાનુ છે. તો કેટલાક મંત્રીઓને પડતા મુકવામાં આવી શકે છે.

નવા મંત્રીઓ અને મહાનુભાવો શુ જમશે તેનુ મેનુ પણ તૈયાર થઈ ગયુ છે. આજે શપથ સમારોહ બાદ નવા મંત્રીઓ અને મહાનુભાવો શુ જમશે તેનુ મેનુ તૈયાર કરી દેવામાં આવ્યુ છે.

મેનુમાં ચુરમાના લાડુ, ફુલવડી, બટાકા વટાણા, ટામેટાનુ શાક, વાલ, પુરી, ગુજરાતી દાળ, તજ લવીંગ ભાત, છાશ સહિતની વાનગી પીરસવામાં આવશે.

શપથ સમારોહ બાદ ૧૨ વાગ્યા પછી લંચ શરૂ થશે. શપથ સમારોહ બાદ ૧૨ વાગ્યા પછી લંચ શરૂ થશે જેમાં મહાનુભાવો, ભાજપ સંગઠનના હોદ્દેદારો તેમજ મહત્વના કાર્યકરો અને પદાધિકારીઓ સાથે ભોજન લેશે.

આજે તા. ૧૭/૧૦/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે




શપથવીધી સમારોહ યોજાશે. આમંત્રણ કાર્ડ માં અધિક સચિવ પ્રોટોકોલ દ્વારા લખાયુ છે કે મંત્રી મંડળના પદનામીત સભ્યોની સોગંદવીધી ૧૭/૧૦/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે યોજાશે.

# દિવાળી પર્વને લઈ અમદાવાદમાં ૧૦૮ ઈમરજન્સી સેવા માટે મેગા તૈયારીઓઃ તમામ સ્ટાફને સ્ટેન્ડ બાય રખાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

દિવાળીના તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. અમદાવાદમાં દિવાળી પર્વને લઈ ૧૦૮ ઈમરજન્સી સેવા માટે મેગા તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ૧૦૮ ઈમરજન્સી સેવા માટે તમામ સ્ટાફને સ્ટેન્ડ બાય પર રાખવામાં આવશે. દિવાળી આવે એટલે હંમેશા ૧૦૮ ઈમરજન્સી સેવા લોકોની મદદ કરવા અડીખમ રહે છે. તેવામાં દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ૧૦૮ ઈમરજન્સી સેવા માટે તમામ સ્ટાફને સ્ટેન્ડ બાય પર રાખવામાં આવશે. સાયન્ટીફીક એનાલીસીસના આધારે એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.




દિવાળી પર્વ નિમિત્તે ૧૦૮ એમ્બ્યુલન્સની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ઈમરજન્સીને પહોચી વળવા માટે એમ્બ્યુલન્સની સંખ્યા ૮૦૦ થી વધારીને ૧૪૬૦ કરાઈ છે અને ૫૫૦ નવી એમ્બ્યુલન્સ વધારી દેવાઈ છે. દિવાળીની ઈમરજન્સીમાં ટેકનોલોજીના માધ્યમથી કોલરનુ મોબાઈલ લોકેશન ટ્રેસ કરીને ઝડપથી મદદ પહોંચાડવામાં આવશે. હોસ્પીટલો સાથે સંકલન, સરકારી હોસ્પીટલોને આગોતરી જાણ કરાશે, ખાનગી હોસ્પીટલોમાં તબીબો રજા પર હોવાથી સરકારી હોસ્પીટલો સાથે વિશેષ સંકેલન કરાયુ છે. દિવાળીમાં ખાસ કરીને પડી જવા, વાહન અકસ્માત, દાઝી જવા અને વીજ કરંટ જેવા કેસોમાં વધારો જોવા મળે છે. ગત વરસે વાહન અકસ્માતમાં ૧૩૧ ટકા વધારો નોંધાયો હતો. અકસ્માતની ઘટનાઓ નિવારવા માટે લોકોએ રોડ સેફટી અને ટ્રાફીકના નિયમોનુ પાલન કરવુ જોઈએ. ઈમરજન્સી કોલમાં વધારાનો અંદાજ છે. ગત વરસે દિવાળીમાં ૪૮૫૦ ઈમરજન્સી કોલ આવ્યા હતા. ચાલુ વરસે અંદાજીત ૭ ટકા વધારો થશે. પડતર દિવસે ૮ ટકા, ન્યુ યર ના દિવસે ૧૮ ટકા અને ભાઈબીજના દિવસે ૧૨ ટકા વધારો થાય તેવી શકયતા છે. ગત વર્ષના આંકડા ન્યુ યરના દિવસે ૫૭૦૦ અને ભાઈબીજના દિવસે ૫૪૦૦ ઈમરજન્સી કેસ નોંધાયા હતા.

# હું જ અહીંનો નરેન્દ્ર મોદી છું : તાપીમાં ભાજપ ધારાસભ્ય મોહન ઢોડીયા અને પુત્રએ વિકાસ રથના કાર્યક્રમમાં મચાવ્યો હંગામો

પ્રતિનિધિ,ગાંધીનગર

તાપી જિલ્લાના વાલોડ તાલુકાના બુહારી ગામે વિકાસ સપ્તાહ અંતર્ગત યોજાયેલા વિકાસ રથ સ્વાગત કાર્યક્રમ ભાજપના ધારાસભ્ય અને તેમના પુત્રએ હંગામો મચાવતા મોટો વિવાદ ઉભો થયો હતો. ધારાસભ્યના આક્રમક વર્તન અને ધમકીઓ સાથે ગામના સરપંચ, તાલુકા પંચાયત સભ્ય અને જિલ્લા પંચાયત અધ્યક્ષે ભાજપ મોવડી મંડળને લેખિત ફરીયાદ કરી છે. જે પત્ર સોશીયલ મીડીયામાં વાયરલ થતા ભાજપમાં ચાલી રહેલો આંતરીક જુથવાદ ટોચ ઉપર આવી ગયો છે.

આ ફરીયાદમાં ધારાસભ્ય મોહન ઢોડીયા અને તેમના પુત્ર દિગેન્દ્ર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વાલોડ તાલુકા ભાજપમાં ચાલતો જુથવાદ હવે ૩ પેઢીના પારીવારીક સંબંધોમાં પ્રવેશ્યો હોય તેવુ જણાઈ રહ્યુ છે. ધારાસભ્ય મોહન ઢોડીયા અને બુહારી ગ્રામ પંચાયતમાં વહિવટકર્તાઓ વચ્ચે ઘણા સમયથી ખટરાગ ચાલી રહ્યો છે. જેને કારણે સરકારી કે ભાજપના કાર્યક્રમોમાં વિવાદ ઉભો થાય છે.



# રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ખખડધજ રોડ-રસ્તાઓથી સામાન્ય લોકો પરેશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ભાજપ હોય કે કોંગ્રેસ ધોરાજીની સામાન્ય જનતા કોઈ પણ પાર્ટીના શાસનથી નારાજ છે. ધોરાજીના જમનાવડ રોડ, જુના ઉપલેટા રોડ, જુનાગઢ રોડના રોડ-રસ્તાઓથી સામાન્ય જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. રાજકોટ જિલ્લાના ધોરાજી શહેર હોય કે ગ્રામ્ય વિસ્તારમાં કે એક ગામ કે એક વિસ્તારથી બીજા વિસ્તારમાં જવા માટેના તમામ માર્ગો કે રોડ રસ્તાઓ ખખડધજ બની ગયા છે. ચોમાસું સત્ર અને નવરાત્રિ અને હવે દિવાળીના પર્વ લોકોને આવા પર્વ પણ ઉજવવા મુશ્કેલ બન્યા છે, ધોરાજી અને ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા મોટે ઉપાડે ખાતમુહૂર્ત વિધિ કરી જાય છે અને કોન્ટ્રાકટર કામગીરી પણ હાથ ધરી દે છે પણ પછી ખોદકામ થોડાક દિવસો થઈ જાય છે અને પછી કામગીરી ઠપ્પ થઈ જાય છે અને વિસ્તારના લોકો કે રહેતા લોકો અને દુકાન ધારકો કે પછી ઉદ્યોગકારો જુનાગઢ રોડ કે જમનાવડ રોડ કે જુનો ઉપલેટા રોડ ખાતમુહૂર્ત અને કામગીરી કરી અને પછી પાછી કામગીરી કોઈ કારણસર બંધ થયા બાદ લોકોને પડતી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને દરેક પક્ષ પોતાના રાજકીય રોટલા શેકીને પછી પાછા ફરતા નથી.